અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ ઉજવણીને અનુલક્ષીને તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણ પ્રસંગના ભાગરૂપે સમગ્ર રાજયમાં 'એકતા રથયાત્રા' પરિભ્રમણ કાર્યક્રમ થકી રાષ્ટ્રીય એકતા, અખંડિતતા માટેના સરદાર વલ્લભભાઈ પટેલના દુરંદેશીપણા અને કાર્યો ઉજાગર કરી જનજાગૃતિ આણવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૦/૨૦૧૮ થી તા.૨૮/૧૦/૨૦૧૮ દરમ્યાન મહાનગરપાલિકા વિસ્તારમાં ''એકતા રથયાત્રા'' પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૦/૧૦/૨૦૧૮થી રામજી મંદિરથી શુભારંભ થયેલ આ 'એકતા રથયાત્રા' રાંદેર ઝોન, કતારગામ ઝોન અને વરાછા ઝોન બાદ તા.૨૫/૧૦/૨૦૧૮ના રોજ સેન્ટ્રલ ઝોનના વિસ્તારમાં પરિભ્રમણ કરી સાંજે ૬.૩૦ કલાકે ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગ ઉપવન) ખાતે એકતા રથયાત્રાના વિરામ અને સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશએ જણાવ્યુ હતું કે, સરદાર પટેલની વિશ્વમાં સૌથી ઊંચી પ્રતિમાનું નિર્માણ ગુજરાતના કેવડીયા ગામ નજીક સાધુ બેટ પર થઈ રહ્યું છે. સુરતથી નજીકમાં જ સાકાર પામેલા આ 'સ્ટેચ્યુ ઓફ યુનિટી' અને સહેલાણીઓ માટેના પર્યટન સ્થળનો શાળાના બાળકો અને નગરજનોને ભરપુર આનંદ લઈને સરદાર પટેલના ગુણોને જીવનમાં ઉતારવા આહ્વાન કર્યુ હતું. ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણાએ ''રાષ્ટ્રીય એકતાના શપથ'' લેવડાવ્યા હતા. આ પ્રસંગે યોજાયેલ સુલેખન નિબંધ અને વેશભૂષા સ્પર્ધાના વિજેતાઓને પુરસ્કૃત કર્યા બાદ દેશભકિત અને લોક સંસ્કૃતિની ઝાંખી કરાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સાતમા દિવસે લિંબાયત ઝોન વિસ્તારમાં 'એકતા રથયાત્રા' ને તા.૨૬/૧૦/૨૦૧૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે ડીંડોલી ઉમિયામાતા મંદિર પાસેથી દીપ પ્રગટાવી ગણેશવંદનાથી પ્રસ્થાન કરવામાં આવ્યો હતો. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલએ ભારતને એક રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવામાં ચાવીરૂપ ભૂમિકા ભજવનારા સરદાર વલ્લભભાઈ પટેલના કાર્યોને ઉજાગર કરતા આ કાર્યક્રમમાં સહભાગી થવા બદલ ઉપસ્થિત તમામને આવકાર્યા હતા. સાંસદશ્રી સી.આર.પાટીલએ પ્રાસંગિક ઉદ્દબોધનમાં જણાવ્યુ હતું કે, સમગ્ર ગુજરાત રાજયમાં 'એકતા રથયાત્રા'નો પ્રારંભ કરવામાં આવ્યો છે ત્યારે આપણે પણ સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલના ચિરસ્થાયી કર્તવ્યને સમાદરપૂર્વક સ્મૃતિબદ્ધ કરવા, એને જન જન સુધી પહોંચાડી એકતાના સુત્રમાં બાંધવા ''એકતા રથયાત્રા'માં સામેલ થઈ સરદાર સાહેબને આદરાંજલિ આપવા સાથે તેમના ગુણોને જીવનમાં ઉતારવા અનુરોધ કર્યો હતો. ગુજરાત રાજયના પૂર્વમંત્રીશ્રી ભરતસિંહ બારોટએ ભારતને મળેલ સ્વતંત્રતા બાદ દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરીને સરદાર વલ્લભભાઈ પટેલએ અખંડ ભારતનું નિર્માણ કર્યુ તેનું સ્મરણ કરતાં જણાવ્યું કે, સરદાર સાહેબની કાર્ય કુશળતા, દ્રઢ મનોબળ, અને આગવી કોઠાસૂઝથી તમામ રજવાડાઓને ભારતમાં સામેલ કરી એક મજબૂત અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યુ. દેશના પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા.૩૧મી ઓકટોબર ૨૦૧૮ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલનું વિશ્વ વિખ્યાત અને ભવ્ય સમારકનું લોકાર્પણ થઈ રહ્યું છે ત્યારે તેમનામાં રહેલા દેશની એકતા અને અખંડિતતા માટે કાર્યરત બનવા સંકલ્પ કરી તેને ચરિતાર્થ કરવા 'એકતા રથયાત્રા'માં સામેલ થવા હાકલ કરી હતી. ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલએ સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને ચરિતાર્થ કરવા રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા ટકાવી રાખવા તેમજ દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા યથાયોગ્ય ફાળો આપવા અંગેના ''રાષ્ટ્રીય એકતાના શપથ'' લેવડાવ્યા હતા. બાદમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ, સમાજના દરેક વર્ગના આગેવાનોએ 'એકતા રથ'ની પુજા અને આરતી કરી ફલેગ ઓફથી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. જે એકતા રથ ડીંડોલી ઉમિયામાતા મંદિરથી નીકળી કષ્ઠભંજન મંદિર થઈ રામીપાર્ક – ગણેશ ભગવાન મંદિર – શિવાજી ચોક – મીઠાલાલની દુકાન – સાંઈ સમર્થ મંદિર – ડીંડોલી પોલીસ સ્ટેશન – મહારાણા પ્રતાપ બ્રીજ ખોડીયાર નગર – લક્ષ્મણનગર – શામળાધામ સોસા – રાજ પેલેસ – દેવીકૃપા સોસા – મહારાણા સર્કલ – શ્રીજીનગર પ્રા.શાળા– શાંતિનગર– નિલગીરી સર્કલ – સાંઈ બાબા મંદિર – સુભાષનગર કોમ્યુનિટી હોલ – સંજયનગર સર્કલ – શિવાજીનગર – સુભાષનગર – સંગમ બેન્ડ સર્કલ – મારૂતિનગર – લિંબાયત પોલીસ સ્ટેશન – ડુંભાલ ફાયર સ્ટેશન – લિંબાયત ઝોન ઓફિસ – વૃંદાવન સોસા – મોડલ ટાઉન શીપ – કબુતર સર્કલ – શારદા સ્કૂલ – નેમીનાથ સોસા – રણછોડનગર – ગીતાનગર – પરવતગામ પાદર – ઉમિયાનગર – કંગારૂ સર્કલ – મગોબ સ્કૂલ – સાંઈબાબા મંદિર –આઈ માતા ચોક – સંકેત માર્કેટ – સીટી પેલેસ પંચવટી – અક્ષર ટાઉન શીપ – કેનાલ જંકશન – ભાઠેના બ્રીજ – ઉમીયા માતા મંદિર – માનદરવાજા ફાયર સ્ટેશન – ખરવરનગર – જીવનગંગા – ભાઠેના – સિધ્ધિ વિનાયક મંદિર– નવચેતન સોસાયટી થઈ ભાઠેના કોમ્યુનિટી હોલ ખાતે પહોંચશે. 'એકતા રથ' સાથે વિવિધ રાજયોની પ્રતિકૃતિ ધરાવતા વિવિધ ટેબ્લોસ સાથેના વાહનો, પ્રચારગાડી અને મોટી સંખ્યામાં યુવાનો બાઈક સાથે જોડાયા હતા. રૂટમાં આવતા પોંઈટ પર નગરજનો દ્વારા

એકતા રથનું અને સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમાને પુષ્પોથી સ્વાગત કરવામાં આવશે. આ રથયાત્રા તેના નિર્ધારીત રૂટ પરથી પસાર થઈ સાંજે ૬.૦૦ કલાકે ભાઠેના કોમ્યુનિટી હોલ પહોંચશે. જયાં સરદાર પટેલના જીવન ચરિત્ર દર્શાવતું ''સરદાર'' નાટક, સ્વચ્છતા અભિયાન પર નાટક, દેશભકિત અને લોક સંસ્કૃતિની ઝાંખી કરાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે.

...૨



ડીંડોલી ઉમિયામાતા મંદિર ખાતેથી યોજાયેલ 'એકતા રથયાત્રા'ના પ્રસ્થાન કાર્યક્રમમાં માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી ભરતસિંહ બારોટ, સાંસદ શ્રી સી.આર.પાટીલ, ધારાસભ્ય શ્રીમતી ઝંખનાબેન પટેલ, ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ધારાસભ્યશ્રી વિનોદભાઈ મોરડીયા, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, શાસક પક્ષ નેતાશ્રી ગિરીજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, અધ્યક્ષશ્રી અમિતસિંગ રાજપૂત, પાણી સમિતિ અધ્યક્ષશ્રી હિમંતભાઈ બેલડિયા, ડ્રેનેજ સમિતિ શહેર ભાજપ પ્રમુખશ્રી નીતિનભાઈ ભજીયાવાલા, ઉપ પ્રમુખશ્રી પી.વી.શર્મા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ, વિવિધ સમાજના આગેવાનો, શહેરના દરેક વર્ગના બાળકો, મહિલાઓ, પુરૂષો, સીનીયર સીટીઝન નાગરિકો મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

તા.૨૭/૧૦/૨૦૧૮ના રોજ સવારે ૯.૦૦ કલાકથી ખટોદરા કોમ્યુનિટી હોલ ખાતેથી 'એકતા રથયાત્રા'ના રથનું પ્રસ્થાન કરાવવામાં આવશે. જે તેના નિર્ધારીત રૂટ પરથી પસાર થઈ સાંજે ૬.૦૦ કલાકે ભેસ્તાન કોમ્યુનિટી હોલ ખાતે પહોંચશે. જયાં સરદાર પટેલના જીવન ચરિત્ર દર્શાવતું ''સરદાર'' નાટક, સ્વચ્છતા અભિયાન પર નાટક, દેશભકિત અને લોક સંસ્કૃતિની ઝાંખી કરાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવશે. ભારતીયોના દિલમાં રાષ્ટ્રપ્રેમનો નવો જુસ્સો પેદા કરતી અને સમગ્ર વિશ્વને ભારતની દ્રઢતા, એકતા અને ક્ષમતાનો પરિચય કરાવતી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના રાષ્ટ્રાર્પણ પ્રસંગના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦ થી ૨૮ ઓકટોબર ૨૦૧૮ દરમ્યાન દરરોજ સવારે ૯.૦૦ કલાકે યોજાનાર ''એકતા રથયાત્રા''ના પ્રસ્થાન, પરિભ્રમણ કાર્યક્રમ અને સાંજે ૬.૦૦ કલાકે યોજાનાર સાંસ્કૃતિક કાર્યક્રમમાં સહભાગી થવા નગરજનોને નિમંત્રણ પાઠવે છે.

## એકતા રથયાત્રા રૂટ દર્શાવતું પત્રક

| ક્રમ | તારીખ | રૂટ / સ્વાગત પોઈન્ટની વિગત | પ્રસ્થાન સ્થળ | સાંસ્કૃતિક કાર્યક્રમ |
|---|---|---|---|---|
| ૧ | ૨૭/૧૦/૧૮ ઉધના ઝોન | જોગાણી માતા મંદિર – ત્રિશલા એપાર્ટ – ઉધના ઝોન ઓફિસ – ઝાંસીકી રાની ગાર્ડન – મઢીની ખમણી – રાજસ્થાન વિદ્યાલય – વિકાસ કોલોની – રામનગર– શુભ રેસીડેન્સી – હરિનગર ૩ – ગાંધી કુટિર – કલ્યાણ કુટીર – વિનોદ ચોક – રામકુટીર – દત્તકુટીર – ઉજલેશ્વર મહાદેવ મંદિર – વિજયાનગર – જલારામનગર ચાર રસ્તા – છત્રપતિ શિવાજી હાઈસ્કૂલ – કાશીનગર – વેલકમ પાન સેન્ટર – ભીડભંજન સર્કલ – વિનાયક નગર – પિયુષ પોઈન્ટ – ચીકુવાડી – કલ્યાણ કુટીર મેઈન રોડ – સપ્તશૃંગી માતાજી મંદિર – દક્ષેશશ્વરનગર– અંબિકાનગર – ઉમીયા ફરસાણ – રામનગર – પાંડેસરા ગામ – આકાશ રો હાઉસ – પિયુષ પોંઈટ – જલારામનગર – ડૉ.વાનખેડેજીના ઘર તરફ – ૫૪૦ એલઆઈજી – હરીઓમનગર – ગુ.હા.બોર્ડ – નેમનગર બમરોલી – પત્રકાર કોલોની – પિયુષ પોંઈન્ટ – ભીડભંજન સર્કલ – બીએસએનએલ ઓફિસ – ભીડભંજન હિન્દી સ્કૂલ – સત્યમ શિવમ સુંદરમ – આશાપુરી ૩ – ગોવાલક –શકિતનગર – શાંતાનગર– ગણપતનગર – પત્રકાર કોલોની –રામેશ્વર ચોકડી – કૈલાશનગર – અપેક્ષાનગર – સત્યનારાયણનગર – દેવકીનંદન મુકિતનગર – મિલન પોઈંટ – વડોદ ગામ – સુદામા વાસ – પ્રિયંકા સોસા – સોમેશ્વર સોસા – હયાતનગર – ઉન ચાર રસ્તા – સનાબિલ બેકરી – એસબીઆઈ બેંક ભેસ્તાન – ભેસ્તાન ગામ – સરસ્વતિ મહોલ્લો – ભેસ્તાન ચાર રસ્તા – સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમા | ખટોદરા કોમ્યુનિટી હોલ, ખટોદરા | ભેસ્તાન કોમ્યુનિટી હોલ, વેજીટેબલ માર્કેટ, ભેસ્તાન |
| ૨ | ૨૮/૧૦/૧૮ અઠવા ઝોન | અલથાણ ભીમરાડ કેનાલ – ધીરજ સન્સ સર્કલ – અલથાણ ગામ – અલથાણ રોડ– ખોડીયારનગર – અલથાણ ટેનામેન્ટ – સંકલ્પ એપાર્ટમેન્ટ – ભટાર ચાર રસ્તા – ઉમાભવન ચાર રસ્તા – આશિર્વાદ કોમ્પ્લેક્ષ– રૂપાલી નહેર – શ્રીમદ્દ રાજચંદ્ર આશ્રમ – વૈશાલી એપાર્ટમેન્ટ – ઘોડદોડ રોડ (ટર્નીગ પોંઈન્ટ) – ટાઈટન ઘડિયાળ શો રૂમ – આદર્શ સોસા – ગોકુલમ ડેરી – અઠવા ઝોન ઓફિસ – નર્મદ લાઈબ્રેરી – શિવશકિત સ્વીટ– જાની ફરસાણ – અશોક પાન સેન્ટર – અણુવ્રત દ્વાર – શ્યામ મંદીર – વીઆઈપી રોડ – સિધ્ધિ વિનાયક મંદિર – વેસુ ગામ – પ્રગતિનગર – રાધાક્રિષ્ણા | ધીરજ સન્સ સર્કલ, બમરોલી બ્રીજ અલથાણ તરફના છેડે | અઠવા પાર્ટી પ્લોટ, અઠવા લાઈન્સ |

| | | | | |
|---|---|---|---|---|
| | | મંદિર(પીપલોદ) – કારગીલ ચોક – એસવીએનઆઈટી ગેટ (ઈચ્છાનાથ મંદિર) –સરગમ શોપીંગ સેન્ટર – અંબિકા નિકેતન – પોલીસ કમિશનર કચેરી – અઠવા પાર્ટી પ્લોટ– અઠવા પાર્ટી પ્લોટ | | |

## :: પ્રેસનોટ ::

## ''સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિ ઉજવણી''

વિષય : સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા.૩૧/૧૦/૧૮ના રોજ 'રન ફોર યુનિટી' અને સુતરાંજલિ સહ વંદના, રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમ.

સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧મી ઓકટોબરને ''રાષ્ટ્રીય એકતા દિવસ'' તરીકે ઉજવવાનું ભારત સરકાર દ્વારા નકકી થયેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર, સુરત શહેર પોલીસ અને સુરત ગ્રામ્ય પોલીસના સંયુકત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૩૧/૧૦/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે સ્વર્ણિમ સર્કલ, ફાલસાવાડી જંકશન, રીંગરોડથી દિલ્હીગેટ થઈ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, રેલ્વે સ્ટેશન સુધી 'રન ફોર યુનિટી' તથા સવારે ૮.૦૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન સામે સરદાર વલ્લભભાઈ પટેલને સુતરાંજલી અને વંદના બાદ રાષ્ટ્રીય એકતા શપથનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, સુરત શહેર પોલીસ જવાનો, વોચ એન્ડ વોર્ડના સીકયુરીટી અને ફાયરના જવાનો, ૧૨ થી વધુ વયના વિદ્યાર્થીઓ તથા નગરજનો જોડાશે.

પ્રખર રાષ્ટ્રભકત અને પ્રજાવત્સલ રાજપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલનું દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને દેશની એકતા–અખંડિતતામાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. ભારત રત્નથી સન્માનિત ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલને આદરાંજલિ આપવા યોજાનાર 'રન ફોર યુનિટી', સુતરાંજલિ સહ વંદના તેમજ રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા
પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા તા.૨૬/૧૦/૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૯(રાંદેર)માં ઝઘડિયા ચોકડી પાસે સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટ ફા.પ્લોટ નં.૧૦૮(પબ્લીક યુટીલીટી) અને ૧૦૯(લોકલ કોમર્શીયલ) ફળવાયેલ છે. સદર રીઝર્વેશન પ્લોટમાં વર્ષો જૂના ફેબ્રિકેશન શેડ, કમ્પાઉન્ડ વોલ વિગેરેના બાંધકામ આવેલ હતા. સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી વિના ગેરકાયદેસર રીતે રીઝર્વડ પ્લોટ પર ઘણા લાંબા સમયથી કબ્જો કરી વપરાશ ચાલુ રાખેલ. આજ રોજ પશ્ચિમ ઝોન (રાંદેર)ના શહેર વિકાસના તથા દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા સદર બંને રીઝર્વેશન પ્લોટ પરના કાચા–પાકાં કોમર્શીયલ બાંધકામો ડિમોલશેન કરી ખુલ્લા કરવામાં આવેલ અને આશરે ૬૫૦૦.૦૦ ચો.ફૂટ જેટલું બાંધકામ દૂર કરવામાં આવેલ તથા ૨૩,૦૦૦.૦૦ ચો.ફૂટ જેટલો રીઝર્વેશન પ્લોટ વિસ્તાર ખુલ્લો કરી કબ્જો લેવામાં આવેલ.

**સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૪–આસી.ઈજનેર/જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૧–ટેકનીકલ આસીસટન્ટ, ૧–ફોટોગ્રાફર તથા કુલ–૨૦ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**

Polio gone Measles is next / "GO FOR DIGITAL PAYMENT IT'S SAFE & SECURE"

## :: પ્રેસનોટ ::

ભારત સરકારના મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ તરફથી Urban Transport ક્ષેત્રે સારી કામગીરી કરતા પ્રોજેકટ બાબતે Urban Mobile India Conference And Exhibition માં વિવિધ 6(SIX) કેટેગરીમાં એવોર્ડ આપવા માટે એન્ટ્રીઓ મંગાવવામાં આવેલ હતી.ઉક્ત 6(SIX) કેટેગરીમાં Best City Bus Project, Best NMT Project, Best Initiative For Improved Road Safety , Best City In Urban Transport Initiative જેમાં સુરત મહાનગરપાલિકા તરફથી Best Intelligent Transport System Project Category ના Award માટે Intelligent Transit Management System And Automatic Fare Collection System માટે Best Urban Mass Transit Project Category ના Award માટે Integrated Public Transport Service તથા Best City in Urban Transport Initiative Category ના Award માટે Pink Auto Project રજૂ કરવામાં આવેલ. સદર Award ની પંસદગી માટે દિલ્હી ખાતે તા.૦૯/૧૦/૨૦૧૮ થી તા.૧૧/૧૦/૨૦૧૮ દરમ્યાન પ્રેઝન્ટેશન રાખવામાં આવેલ જેમાં વિવિધ શહેરોનાં કુલ ૩૪ શોર્ટ લિસ્ટેડ એન્ટ્રીઓનું પ્રેઝન્ટેશન કરવામાં આવેલ હતા. જેમાં મુખ્યત્વે બેંગ્લોર,ચેન્નાઈ,હૈદરાબાદ,રાજકોટ,અમદાવાદ,રાયપુર,વડોદરા,ભોપાલ વગેરે સ્થળોએ ભાગ લીધેલ.

ઉપરોક્ત પ્રેઝન્ટેશન બાદ Award Selection Committee તરફથી ચર્ચા વિચારણાને અંતે સુરત મહાનગરપાલિકાના ઉપરોક્ત ત્રણે એન્ટ્રીને એવોર્ડ આપવાનું નકકી કરવામાં આવ્યું. જે અંગેની જાણ સુરત મહાનગરપાલિકાને કરવામાં આવેલ. ઉપરોક્ત એવોર્ડ તા.૦૪/૧૧/૨૦૧૮ના રોજ નાગપુર ખાતે યોજાનાર ૧૧મી Urban Mobility India Conference અને Exhibition માં આપવામાં આવશે. જેમા હાજર રહેવા આંમત્રણ પાઠવવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા તરફથી વિવિધ ક્ષેત્રે સારી કામગીરી કરવામાં આવે છે. તેમજ આ સારી કામગીરીની નોંધ ભારત સરકારની વિવિધ મિનિસ્ટ્રી તરફથી લેવામાં આવે છે. જેના પરિણામ સ્વરૂપ સુરત મહાનગરપાલિકા વિવિધ એવોર્ડ પ્રાપ્ત કરવામાં સફળ રહી છે. જેમાં ઉપરોક્ત ત્રણ એવોર્ડ યશકલગી રૂપ બની રહેશે.

:: પ્રેસનોટ ::

મિનિસ્ટ્રી ઓફ હાઉસિંગ એન્ડ અર્બન અફેર્સ ધ્વારા આયોજિત બેસ્ટ પ્રેકટીસ પ્રોજેક્ટ ઈન અર્બન ટ્રાન્સપોર્ટ અંતર્ગત સુરત મહાનગરપાલિકા ધ્વારા

(1) "Best Urban Mass Transit Project"

(2) "Best Intelligent Transport System Project"

(3) "Best City in Urban Transport Initiative"

જેવી કેટેગરીમાં નોમિનેશન તૈયાર કરી મોકલવામાં આવી. વિવિધ કેટેગરી અંતર્ગત શોર્ટલિસ્ટ કરવામાં આવેલ નોમિનેશનને રૂબરૂ પ્રેઝન્ટેશન અર્થે બોલાવવામાં આવેલ જેમા ભારતના વિવિધ મેટ્રોસિટી જેવી કે બેંગ્લોર,ઈન્દોર,મનાલી,રાયપુર તેમજ ગુજરાતના અમદાવાદ,રાજકોટ વિગેરે શહેરોએ ભાગ લીધેલ.જે પૈકી સુરત મહાનગરપાલિકા ધ્વારા રજુ કરવામાં આવેલ ત્રણેય કેટેગરીની

(1) Award For Excellence - Integrated Transport service Surat

(2) Award For Excellence - Intelligent Transit Management System Automatic Fare Collection System ( ITMS And AFC )

(3) Commendable Award For Marching Towards Empowerment the Public Initiative -Pink Auto Project

એવોર્ડ માટે પસંદગી કરવામાં આવેલ છે. અને તા.૦૪/૧૧/૨૦૧૮ના રોજ નાગપુર ખાતે યોજાનાર એવોર્ડ સેરેમનીમાં એવોર્ડ વિતરણ કરવામાં આવનાર છે.

Polio gone Measles is next / "GO FOR DIGITAL PAYMENT IT'S SAFE & SECURE"

:: પ્રેસનોટ ::

"ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ" નું આયોજન નવી દિલ્હીના એરોસીટી ખાતે તા. ૨૫ થી તા.૨૭ ઓકટોબર દરમ્યાન આયોજન કરવામાં આવ્યું.સદરહું કાર્યક્રમનું ઉદ્દઘાટન માન. મંત્રી શ્રી મનોજ સિહાં મિનિસ્ટર ઓફ કોમ્યુનિકેશન (સ્વતંત્ર હવાલો) અને રાજયકક્ષાના મંત્રીશ્રી(રેલ્વેસ) ધ્વારા કરવામાં આવેલ સદરહું કાર્યક્રમને માન.મંત્રીશ્રી ધ્વારા એક મહત્વની ઘટના ગણાવવામાં આવેલ તેમજ તેમને ડિજિટાઈસેઝન નું મહત્વ ભારત દેશના આર્થિક વિકાસ સાથે સંકળાયેલ છે તેના પર ખાસ મહત્વ આપેલ.

સદરહું "ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ" દક્ષિણ એશિયાનું સૌથી મોટુ ટેલીકોમ ફોરમ છે.આ કાર્યક્રમના ભાગરૂપે "ઈન્ડિયા મોબાઈલ કોંગ્રેસ" ધ્વારા " Excellence In Information Communication and Telecommunication " ના ક્ષેત્રમાં એવોર્ડ એનાયત કરવામાં આવે છે. સદરહું એવોર્ડ, ઉકત ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ આપવામાં આવે છે. આ એવોર્ડ નવીનતમ કામગીરી કરવા બદલ આપવામાં આવે છે. જેમાં સ્માર્ટ સિટી,ડિજિટલ ટેકનોલોજી,ગ્રીન ટેકનોલોજી ઇન્ફ્રાસ્ટ્રક્ચરનો સમાવેશ થાય છે.

સુરત મહાનગરપાલિકાના સુરતના સ્માર્ટ સિટી પ્રોજેકટ (સુરત –આઇ.ટી.મેક) Intelligent Transport Mobility Administration Centre તથા Intelligent Transit Management System તેમજ Automated Traffic Control System , ની કામગીરી માટે એવોર્ડ આપવામાં આવેલ છે.સદરહું એવોર્ડ " Best Smart City Project-Technology Adoption " ના કેટેગરી હેઠળ આપવામાં આવેલ છે. સદરહું એવોર્ડ માન.મંત્રીશ્રી મનોજ સિંહા Honourable Minister Of State (Independent Charge) for Communication And Minister Of State for Railways Govt. Of India ધ્વારા તા.૨૬/૧૦/૨૦૧૮ના રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ કાર્યક્રમમાં આપવામાં આવેલ .

સુ.મ.પા. એ ITMS, IT(MAC) અને ATCS હેઠળ જે કામગીરી કરેલ છે. તેની નોંધ કેન્દ્ર સરકારશ્રી ધ્વારા લેવાયેલ હોવાની આ મહત્વપૂર્ણ ઘટના છે. BRTS,City Bus Services માં ઉકત નવીનતમ ટેકનોલોજીનો ઉપયોગ કરીને સુ.મ.પા. એ નાગરિકોને ત્વરીત ઉત્કૃષ્ટ સુવિધા પુરી પાડેલ છે. જેના માટે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ સુ.મ.પા.ની કામગીરીને વખાણવામાં આવેલ છે. એનાજ વધુ એક નોંધ તરીકે આજરોજ ભારત સરકાર ધ્વારા સુ.મ.પા.ને Information Communication and Telecommunication ના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ પંસદગી પામેલ છે.


- ITMS
SAMSUNG
INDIA MOBILE CONGRESS
New Digital Horizons


RDS 2018
Department of Telecommunications
Ministry of Communications


IMC AWARDS 2018 JURY
RAVI GANDHI
CHIEF REGULATORY OFFICER, BHARTI AIRTEL LTD.
P. BALAJI
CHIEF REGULATORY &
CORPORATE AFFAIRS OFFICER, VODAFONE IDEA LTD.
VISHANT VORA
CTO, VODAFONE IDEA LTD.
CMDE. DR. JENA
DDG, COAI
PROCESS VALIDATOR: KPMG

:: પ્રેસનોટ ::

**અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ઉજવણી તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણ પ્રસંગના ભાગરૂપે "એકતા રથયાત્રા"**

વિષય : અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ ઉજવણી તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણ પ્રસંગના ભાગરૂપે "એકતા રથયાત્રા"

અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલ જન્મજયંતિ ઉજવણીને અનુલક્ષીને તથા સ્ટેચ્યુ ઓફ યુનિટીના રાષ્ટ્રાર્પણ પ્રસંગના ભાગરૂપે સમગ્ર રાજયમાં 'એકતા રથયાત્રા' પરિભ્રમણ કાર્યક્રમ થકી રાષ્ટ્રીય એકતા, અખંડિતતા માટેના સરદાર વલ્લભભાઈ પટેલના દુરંદેશીપણા અને કાર્યો ઉજાગર કરી જનજાગૃતિ આણવા સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦/૧૦/૨૦૧૮ થી તા.૨૮/૧૦/૨૦૧૮ દરમ્યાન મહાનગરપાલિકા વિસ્તારમાં "એકતા રથયાત્રા" પરિભ્રમણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૦/૧૦/૨૦૧૮થી રામજી મંદિરથી શુભારંભ થયેલ આ 'એકતા રથયાત્રા' રાંદેર ઝોન, કતારગામ ઝોન અને વરાછા ઝોન, સેન્ટ્રલ ઝોન, લિંબાયત ઝોન, ઉધના ઝોન વિસ્તારમાં પરિભ્રમણ બાદ નવમા દિવસે અઠવા ઝોન વિસ્તારમાં પ્રવેશી હતી. જે 'એકતા રથયાત્રા' પ્રસ્થાન તા.૨૮/૧૦/૨૦૧૮ના રોજ સવારે ૯.૩૦ કલાકે બમરોલી બ્રીજ એનએફઆઈડી સર્કલ ખાતેથી દીપ પ્રગટાવી ગણેશવંદનાથી કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સાંસદશ્રી સી.આર.પાટીલએ ભારતને એક અખંડ રાષ્ટ્ર તરીકે સ્થાપિત કરવામાં મહત્વની ભૂમિકા ભજવનારા સરદાર વલ્લભભાઈ પટેલના કાર્યોને ઉજાગર કરતા અને ભારતના આ લોખંડી પુરૂષને ભાવાંજલી આપવાના કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરતાં જણાવ્યું હતું કે, અખંડ ભારતના શિલ્પી કે જેમણે બ્રિટીશ શાસનના અંત પછી ૫૬૨ જેટલાં દેશી રજવાડાંઓને ભારત દેશ સાથે જોડી એક અખંડ હિન્દુસ્તાનની રચના કરી. તેમનામાં રહેલા દેશની એકતા અને અખંડિતતા માટે કાર્યરત બનવા સંકલ્પ કરી 'એકતા રથયાત્રા'માં સામેલ થઈ સરદાર સાહેબને આદરાંજલિ આપવા સાથે તેમના ગુણોને જીવનમાં ઉતારવા હાકલ કરી હતી.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણીએ સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને ચરિતાર્થ કરવા રાષ્ટ્રની એકતા, અખંડતા અને સુરક્ષા જાળવી રાખવા તેમજ દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા યથાયોગ્ય ફાળો આપવા અંગેના "રાષ્ટ્રીય એકતાના શપથ" લેવડાવ્યા હતા. બાદમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, વિવિધ એસોસીએશનના પ્રતિનિધિઓ, સમાજના દરેક વર્ગના આગેવાનોએ 'એકતા રથ'ની પુજા અને આરતી કરી ફલેગ ઓફથી રથનું પ્રસ્થાન કરાવ્યું હતું. જે એકતા રથ અલથાણ ભીમરાડ કેનાલ – ધીરજ સન્સ સર્કલ – અલથાણ ગામ – અલથાણ રોડ– ખોડીયારનગર – અલથાણ ટેનામેન્ટ – સંકલ્પ એપાર્ટમેન્ટ – ભટાર ચાર રસ્તા – ઉમાભવન ચાર રસ્તા – આશિર્વાદ કોમ્પ્લેક્ષ– રૂપાલી નહેર – શ્રીમદ રાજચંદ્ર આશ્રમ – વૈશાલી એપાર્ટમેન્ટ – ઘોડદોડ રોડ (ટર્નીંગ પોંઈન્ટ) – ટાઈટન ઘડિયાળ શો રૂમ – આદર્શ સોસાયટી – ગોકુલમ ડેરી – અઠવા ઝોન ઓફિસ – નર્મદ લાઈબ્રેરી – શિવશકિત સ્વીટ– જાની ફરસાણ – અશોક પાન સેન્ટર – અણુવ્રત દ્વાર – શ્યામ મંદીર – વીઆઈપી રોડ – સિધ્ધિ વિનાયક મંદિર – વેસુ ગામ – પ્રગતિનગર – રાધાક્રિષ્ણા મંદિર(પીપલોદ) – કારગીલ ચોક – એસવીએનઆઈટી ગેટ (ઈચ્છાનાથ મંદિર) – સરગમ શોપીંગ સેન્ટર – અંબિકા નિકેતન – પોલીસ કમિશનર કચેરી થઈ અઠવા પાર્ટી પ્લોટ ખાતે પહોંચ્યો હતો. 'એકતા રથ' સાથે વિવિધ રાજયોની પ્રતિકૃતિ ધરાવતા વિવિધ ટેબ્લોસ સાથેના વાહનો, પ્રચારગાડી અને મોટી સંખ્યામાં યુવાનો બાઈક સાથે જોડાયા હતા. રૂટ પર ભટાર ચાર રસ્તા ખાતે પ્રધાનમંત્રીશ્રી માન.શ્રી નરેન્દ્રભાઈ મોદીના"મન કી બાત" કાર્યકમ મહાનુભાવો સાથે નગરજનો પણ ઉપસ્થિત રહી સાંભળ્યો હતો. રૂટમાં આવતા પોંઈટ પર નગરજનો દ્વારા એકતા રથનું અને સરદાર વલ્લભભાઈ પટેલ પ્રતિમાને પુષ્પોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ રથયાત્રા તેના નિર્ધારીત રૂટ પરથી પસાર થઈ સાંજે ૬.૦૦ કલાકે અઠવા પાર્ટી પ્લોટ ખાતે પહોંચ્યા બાદ એકતા રથયાત્રા સમાપન કાર્યક્રમમાં સરદાર પટેલના જીવન ચરિત્ર દર્શાવતું "સરદાર" નાટક, સ્વચ્છતા અભિયાન પર નાટક, દેશભકિત અને લોક સંસ્કૃતિની ઝાંખી કરાવતો સાંસ્કૃતિક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. સમાપન સમારોહમાં પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહ પરમારે પ્રાસંગિક ઉહબોધનમાં જણાવ્યું હતું કે ,ભારતના આ લોખંડી પુરૂષને ભાવાંજલી આપવાના કાર્યક્રમમાં સહભાગી થવા અપીલ કરતાં જણાવ્યું હતું કે, અખંડ ભારતના શિલ્પી કે જેમણે બ્રિટીશ શાસનના અંત પછી ૫૬૨ જેટલાં દેશી રજવાડાંઓને ભારત દેશ સાથે જોડી એક અખંડ હિન્દુસ્તાનની રચના કરી. તેમનામાં રહેલા દેશની એકતા અને અખંડિતતા માટે કાર્યરત બનવા સંકલ્પ કરી 'એકતા રથયાત્રા'માં સામેલ થઈ સરદાર સાહેબને આદરાંજલિ આપવા સાથે તેમના ગુણોને જીવનમાં ઉતારવા હાકલ કરી હતી. ત્યારબાદ માન.મેયરશ્રી માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને ચરિતાર્થ કરવા રાષ્ટ્રની એકતા, અખંડિતતા અને સુરક્ષા ટકાવી રાખવા તેમજ દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા યથાયોગ્ય ફાળો આપવા અંગેના "રાષ્ટ્રીય એકતાના શપથ" લેવડાવ્યા હતા.

ભારતીયોના દિલમાં રાષ્ટ્રપ્રેમનો નવો જુસ્સો પેદા કરતી અને સમગ્ર વિશ્વને ભારતની દ્રઢતા, એકતા અને ક્ષમતાનો પરિચય કરાવતી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના રાષ્ટ્રાર્પણ પ્રસંગના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૦ થી ૨૮ ઓકટોબર ૨૦૧૮ દરમ્યાન દરરોજ સવારે ૯.૦૦ કલાકે "એકતા રથયાત્રા"ના પ્રસ્થાન, પરિભ્રમણ કાર્યક્રમ અને સાંજે ૬.૦૦ કલાકે સાંસ્કૃતિક કાર્યક્રમમાં માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, શ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર) મંત્રીશ્રી(રાજયકક્ષા) આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણ, ગુજરાત રાજય, ગુજરાત રાજયના પૂર્વ મંત્રીશ્રી ભરતસિંહ બારોટ, નરોતમભાઈ પટેલ સાંસદશ્રીમતી દર્શનાબેન જરદોશ, સાંસદશ્રી સી.આર.પાટીલ, ધારાસભ્યશ્રી પૂર્ણશભાઈ મોદી, ધારાસભ્યશ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રીમતી ઝંખનાબેન પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, ધારાસભ્યશ્રી વિનોદભાઈ મોરડીયા, ધારાસભ્યશ્રી પ્રવિણભાઈ ઘોઘારી, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ રાણા, ધારાસભ્યશ્રી કાંતિભાઈ બલર, ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, ધારાસભ્યશ્રી વી.ડી.ઝાલાવડિયા, ડે.મેયરશ્રી નિરવ શાહ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, શહેર ભાજપ પ્રમુખશ્રી નીતિનભાઈ ભજીયાવાલા, ઉપ પ્રમુખશ્રી પી.વી.શર્મા, માજી ધારાસભ્યશ્રી અજયભાઈ ચોકસી, માજી ધારાસભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનશેરીયા, માજી મેયરશ્રી કનુભાઈ માવાણી, માજી ડે.મેયરશ્રી વજુભાઈ માવાણી, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, માજી મેયરશ્રી કનુભાઈ માવાણી, માજી ડે.મેયરશ્રી વજુભાઈ માવાણી, અધિકારીઓ, સ્વામીનારાયણ સંપ્રદાયના સંતો, કલાકુંજ મંદિરના મહંતશ્રીઓ, વિવિધ સમાજના આગેવાનો, શહેરના દરેક વર્ગના બાળકો, મહિલાઓ, પુરૂષો, સીનીયર સીટીઝન નાગરિકોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

સમાચારયાદી નં. , તા.૨૮/૧૦/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.








એક ભારત
શ્રેષ્ઠ ભારત
























સુરત


CAR A/C




Y & PARK



:: પ્રેસનોટ ::

## "સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિ ઉજવણી"

વિષય : સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજ 'રન ફોર યુનિટી' અને સુતરાંજલિ સહ વંદના, રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમ.

ભારત સરકાર દ્વારા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧મી ઓકટોબરને "રાષ્ટ્રીય એકતા દિવસ" તરીકે ઉજવવાનું નકકી થયેલ છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર, સુરત શહેર પોલીસ અને સુરત ગ્રામ્ય પોલીસના સંયુકત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૩૧/૧૦/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે સ્વર્ણિમ સર્કલ, ફાલસાવાડી જંકશન, રીંગરોડથી દિલ્હીગેટ થઈ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, રેલ્વે સ્ટેશન સુધી 'રન ફોર યુનિટી' તથા સવારે ૮.૦૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન સામે સરદાર વલ્લભભાઈ પટેલને સુતરાંજલી અને વંદના બાદ રાષ્ટ્રીય એકતા શપથનો કાર્યક્રમ રાખવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સુરત શહેરના અગ્રણીઓ તથા નગરજનો, વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાશે.

પ્રખર રાષ્ટ્રભકત અને પ્રજાવત્સલ રાજપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલનું દેશના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અને દેશની એકતા–અખંડિતતામાં અમૂલ્ય યોગદાન રહ્યું છે. સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલના ચિરસ્થાયી કર્તવ્યને સમાદરપૂર્વક સ્મૃતિબદ્ધ કરવા, એને જન જન સુધી પહોંચાડી એકતાના સુત્રમાં બાંધવા યૌવનસહજ જોમથી ભાંવાજલિ આપવાના પ્રતિક સ્વરૂપ યોજાનાર "રન ફોર યુનિટી", સુતરાંજલિ સહ વંદના તેમજ રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમમાં સહભાગી થવા જાહેર જનતાને નિમંત્રણ છે.

સમાચારયાદી નં. ૫૫૨,તા.૩૦/૧૦/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.

:: પ્રેસનોટ ::

## "સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિ ઉજવણી"

**વિષય :** સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મ જયંતિ ઉજવણીએ તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજ 'રન ફોર યુનિટી' અને સુતરાંજલિ સહ વંદના, રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમ.

સુરત મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર, સુરત શહેર પોલીસ અને સુરત ગ્રામ્ય પોલીસના સંયુક્ત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૩૧/૧૦/૨૦૧૮ને બુધવારના રોજ સવારે ૭.૩૦ કલાકે સ્વર્ણિમ સર્કલ, ફાલસાવાડી જંકશન, રીંગરોડથી દિલ્હીગેટ થઈ સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા, રેલ્વે સ્ટેશન સુધી 'રન ફોર યુનિટી' તથા સવારે ૮.૦૦ કલાકે સુરત રેલ્વે સ્ટેશન સામે સરદાર વલ્લભભાઈ પટેલને સુતરાંજલી અને વંદના બાદ રાષ્ટ્રીય એકતા શપથનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. ભારતને મળેલ સ્વતંત્રતા બાદ દેશની અખંડિતતા માટે ૫૬૨ રજવાડાઓનું એકીકરણ કરીને સરદાર વલ્લભભાઈ પટેલએ અખંડ ભારતનું નિર્માણ કર્યું. સરદાર સાહેબની કાર્ય કુશળતા, દ્રઢ મનોબળ, અને આગવી કોઠાસૂઝથી તમામ રજવાડાઓને ભારતમાં સામેલ કરી એક મજબૂત અને અખંડ રાષ્ટ્રનું નિર્માણ કર્યું. ગુજરાતના પનોતા પુત્ર અને અખંડ ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલને આદરાંજલિ આપવા દેશના પ્રધાન મંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે તા.૩૧મી ઓકટોબર ૨૦૧૮ના રોજ સરદાર વલ્લભભાઈ પટેલનું વિશ્વ વિખ્યાત અને ભવ્ય સમારક 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું કેવડીયા ગામ નજીક સાધુ બેટ પર લોકાર્પણ થઈ રહ્યું છે ત્યારે તેમનામાં રહેલા દેશની એકતા અને અખંડિતતા માટે કાર્યરત બનવા સંકલ્પ કરી તેને ચરિતાર્થ કરવા સરદાર વલ્લભભાઈ પટેલની જન્મતિથિ ૩૧મી ઓકટોબરને "રાષ્ટ્રીય એકતા દિવસ" ઉજવણી અંતર્ગત સ્વતંત્ર ભારતની એકતાના શિલ્પકાર અને કુશળ વહીવટકાર સરદાર વલ્લભભાઈ પટેલના ચિરસ્થાયી કર્તવ્યને સમાદરપૂર્વક સ્મુતિબદ્ધ કરવા, એને જન જન સુધી પહોંચાડી એકતાના સુત્રમાં બાંધવા યૌવનસહજ જોમથી ભાંવાજલિ આપવાના પ્રતિક સ્વરૂપ "રન ફોર યુનિટી"નું આયોજન કરવામાં આવ્યું હતું. તા.૩૧/૧૦/૨૦૧૮ના રોજ સુવર્ણમયી સવારે સ્વર્ણિમ સર્કલ, ફાલસાવાડી જંકશન ખાતેથી સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારસન, કલેકટરશ્રી ડૉ.ધવલ પટેલ, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે ફ્લેગ ઓફથી "રન ફોર યુનિટી"ને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. સુરત શહેર પોલીસ જવાનો, વોચ એન્ડ વોર્ડના સીકયુરીટી અને ફાયરના જવાનોના માર્ચ પાસ્ટ સાથે વિદ્યાર્થીઓ અને નગરજનો શિસ્તબધ્ધ રેલી આકારે દિલ્હી ગેટ, અમિષા હોટલ થઈ રેલ્વે સ્ટેશન પહોંચી હતી. જયાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદના કરી હતી. બાદમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણીએ સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નને ચરિતાર્થ કરવા રાષ્ટ્રની એકતા,અખંડિતતા અને સુરક્ષા ટકાવી રાખવા તેમજ દેશની આંતરિક સુરક્ષા સુનિશ્ચિત કરવા યથાયોગ્ય ફાળો આપવા અંગેના "રાષ્ટ્રીય એકતા દિવસ શપથ" લેવડાવ્યા હતા.

ભારતીયોના દિલમાં રાષ્ટ્રપ્રેમનો નવો જુસ્સો પેદા કરતી અને સમગ્ર વિશ્વને ભારતની દ્રઢતા, એકતા અને ક્ષમતાનો પરિચય કરાવતી 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'ના રાષ્ટ્રાર્પણ પ્રસંગના ભાગરૂપે સુરત મહાનગરપાલિકા, જીલ્લા વહીવટી તંત્ર, સુરત શહેર પોલીસ અને સુરત ગ્રામ્ય પોલીસના સંયુકત ઉપક્રમે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૩મી જન્મજયંતિ ઉજવણીએ યોજાયેલ 'રન ફોર યુનિટી' અને સુતરાંજલિ સહ વંદના તથા રાષ્ટ્રીય એકતા શપથ કાર્યક્રમમાં સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, દંડક શ્રીમતી દક્ષાબેન જરીવાળા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિ.સભ્યશ્રીઓ, અધિકારીઓ, સુરત શહેર પોલીસ જવાનો, વોચ એન્ડ વોર્ડના સીકયુરીટી અને ફાયરના જવાનોના વિવિધ સમાજના આગેવાનો, શહેરના દરેક વર્ગના બાળકો, મહિલાઓ, પુરૂષો, સીનીયર સીટીઝન નાગરિકોએ મોટી સંખ્યામાં ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

સમાચારયાદી નં. ,તા.૩૧/૧૦/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.









# <u>પ્રેસ નોટ</u>

## "ગ્લોબલ મોડેલ ફોર ગ્રીન મોબીલીટી એવોર્ડ "

સસ્ટેનેબલ ડેવલપમેન્ટ એન્ડ્ ન્યુ અર્બન એજન્ડાF વર્ષ ૨૦૩૦ ના અમલીકરણ માટે ૨૦૧૮ નું વર્ષ ખુબ જ નિર્ણાયક વર્ષ છે . આ વૈશ્વિક એજન્ડાઓની મહત્વકાંક્ષા અન્વFયે શહેરોમાં પરિવર્તનની જરૂર પડશે , વૃદ્ધિને સંચાલિત કરવા , નવી ગુણવત્તાવાળા , સ્થિતિસ્થાપક અને ટકાઉ શહેરી વિકાસને વિકસાવવા માટે નવીનતાને ઉત્તેજનની જરૂર પડશે . આ વૈશ્વિક સર્વસંમતિ અને એશિયા પેસિફિક ક્ષેત્રની વિશિષ્ટ સ્થિતિના આધારે The 2018 Annual Session of Global Forum on Human Settlements (GFHS 2018) માં વૈશ્વિક ચર્ચા ઓક્ટોબર ૩૦ અને ૩૧ ના રોજ થાઇલેન્ડnના સંયુક્ત રાષ્ટ્રસંઘ કોન્ફરન્સ સેન્ટરમાં યોજવામાં આવેલ . સદરહુ ફોરમ "વર્લ્ડ સિટીઝ ડે ૨૦૧૮ " તરીકે ઉજવણી કરશે અને "Advancing Urban Innovations to Achieve SDG 11 and the New Urban Agenda" ફોરમ ઉપર ધ્યાન કેન્દ્રીેત કરશે

GFHS 2018 એ ગ્લોબલ ફોરમ ઓન હ્યુમન સેટલમેન્ટ્સ (GFHS) અને યુનાઇટેડ નેશન્સ ઇકોનોમિક એન્ડ સોશિયલ કમિશન ફોર એશિયા એન્ડ ધ પેસિફિક (UNESCAP) ના સહયોગથી યોજવામાં આવેલ , જે યુનાઇટેડ નેશન્સ હ્યુમન સેટલમેન્ટ્સ પ્રોગ્રામ , ધી ગ્લોબલ વન બેલ્ટ વન રોડ એસોશીએશન(GOBA), બેટર સિટી ઇન્સ્ટિટ્યુટ (BCI), વર્લ્ડ એસોશીએશન ઓફ નોન-ગવર્નમેન્ટલ ઓર્ગેનાઇઝેશન વિગેરે સાથેના સહયોગથી સહઆયોજિત કરવામાં આવેલ.

સુરત મહાનગરપાલિકા દ્વારા "SARAL (Safe, Accessible, Reliable, Advanced and Low carbon) Transport in Surat" for "Global Model for Green Mobility" અંગેના એવોર્ડ માટે નોમિનેશનમાં ફરી દાવેદારી નોંધાવી હતી . "Sustainable Cities And Human Settlements Awards" (SCAHSA) ની એપ્રાઈઝલ કમિટિએ સુરત મહાનગરપાલિકા દ્વારા રજુ કરવામાં આવેલ પ્રેઝેન્ટેAશન "SARAL (Safe, Accessible, Reliable, Advanced and Low carbon) Transport in Surat" for "Global Model for Green Mobility" એ વધુ સસ્ટેનેબલ, સમાંતર, સલામત, અને સ્માર્ટ અર્બન ડેવલપમેન્ટ, માટે જરૂરી તમામ મહત્વના મુદ્દાઓને આવરી લીધા હોય બાકીના તમામ પ્રોજેક્ટ કરતા અલગ રીતે હોવાનો નિર્દેશ કરેલ , વધુમાં નીચે જણાવેલ મહત્વની અને આગળ પડતી કામગીરી થયેલ છે.

A. ભવિષ્યમાં ભારત અને અન્ય વિકાસશીલ દેશોએ પરિવહનની સેવા માટે યોગ્ય મોડેલ વિકસાવવા સંકલિત યોજનાઓ અને સ્માર્ટ સોલ્યુશન્સની મદદથી પરિવહનની સેવાઓને વિકસાવવી પડશે.
B. બધા લોકોને સલામત, સુલભ અને વિશ્વસનીય પરિવહનની સેવાઓ કે જે વ્યાપક આર્થિક, સામાજિક અને પર્યાવરણીય ફાયદા પ્રાપ્ત કરાવતી હોય તેવા મોડેલ વિકસાવવા પડશે.
C. જે મોડેલ વિકસાવવામાં આવે તેના ઉપર ભવિષ્યમાં સતત સુધારો અમલમાં મુકવા મજબુત ટીમ દ્વારા શ્રેણીબધ્ધ પડકારોનો સામનો કરી તેના ઉપર વિજય મેળવવાના પ્રયાસો કરતા રહેવા આવશ્યક છે.

આ પ્રકારના એવોર્ડ આપવા SCAHSA દ્વારા જે માપદંડો અને સૂચકઆંક નક્કી કરવામાં આવે તેના આધાર ઉપર અંતિમ નિર્ણય લેવામાં આવે છે અને જે તે નોમિનિને એવોર્ડ એનાયત કરવામાં આવે છે . જેને આધારે તા . ૩૦ ઓકટોબર , ૨૦૧૮ નાં રોજ થાઈલેન્ડ યુ .એન. કોન્ફરન્સ સેન્ટરમાં સુરત સીટીને "ધી ૨૦૧૮ એન્યુઅલ સેશન ઓફ ગ્લોબલ ફોરમ ઓન હ્યુમન સેટલમેન્ટ્સ (GFHS 2018)નાં વાર્ષિક સત્રમાં એવોર્ડ એનાયત કરવામાં આવેલ જે ગૌરવપૂર્ણ બાબત છે.


SCAHSA
SARAL (SAFE, ACCESSIBLE, RELIABLE
ADVANCED AND LOW CARBON) TRANSPORT
IN SURAT, INDIA
SURAT MUNICIPAL CORPORATION
GLOBAL MODEL OF GREEN MOBILITY
GRANTED BY
GLOBAL FORUM ON HUMAN SETTLEMENTS
PROMOTING THE SDGs
SUSTAINABLE DEVELOPMENT GOALS
THE ANNUAL SESSION OF
GLOBAL FORUM ON HUMAN SETTLEMENTS
UN CONFERENCE CENTER, BANGKOK

૫૫૫

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે દિવાળી પર્વ નિમિત્તે વિવિધ માધ્યમોમાં અને વિષય વૈવિધ્ય રજુ કરતાં રંગોળી પ્રદર્શનનું આયોજન તા.૦૪/૧૧/૨૦૧૮ થી તા.૧૮/૧૧/૨૦૧૮ સુધી કરવામાં આવ્યું છે. સદર પ્રદર્શનનું ઉદ્દઘાટન મા. મેયરશ્રીના હસ્તે તા.૦૩/૧૧/૨૦૧૮ના રોજ સાંજે ૬:૦૦ કલાકે આર્ટ ગેલેરી, સાયન્સ સેન્ટર ખાતે રાખવામાં આવેલ છે. આ પ્રદર્શનમાં સુરતના સ્થાનિક ૬૨ રંગોળી કલાકારો ધ્વારા વિવિધ માધ્યમો જેવા કે કરોઠી, જરી, રેતી વિગેરેનાં ઉપયોગથી જુદા જુદા વિષયો જેવા કે ૩ડી, વ્યકિતચિત્ર, કુદરતી દ્રશ્ય, ક્રાફટ વિગેરેને રજુ કરતી ખુબજ સુંદર ૭૩ (તોંતેર) રંગોળીઓ તૈયાર કરવામાં આવેલ છે.

સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલેરી ખાતે સદર પ્રદર્શન જાહેર જનતા વિના મુલ્યે નિહાળી શકાશે. આ પ્રદર્શન જાહેર જનતા તા.૦૪ થી ૦૬ નવેમ્બર, ૨૦૧૮ તથા તા.૧૦ થી ૧૮ નવેમ્બર, ૨૦૧૮ દરમ્યાન સવારે ૧૦:૦૦ થી સાંજે ૮:૦૦ કલાક સુધી નિહાળી શકશે તથા **તા. ૭, ૮ અને ૯ નવેમ્બર, ૨૦૧૮ના રોજ દિવાળી દરમ્યાન પ્રદર્શન જાહેર જનતા માટે બંધ રહેશે.**

**૫૫૬**

## <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આગામી દિવાળીનાં તહેવાર નિમિતે સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૦૨/૧૧/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૧૬ નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | લીધેલ નમુના |
|---|---|---|---|
| ૧. | ઠકકર ફુડ પ્રોડકટસ | ૨૮૮ થી ૨૯૦ ગુરૂકૃપા ઈન્ડ.એસ્ટેટ, ભેસ્તાન, સુરત. | મોળી બુંદી<br>મારવાડી ગાંઠીયા |
| ૨. | ધરતી ફુડ પ્રોડકટ પ્રા.લિ. | રોડ નં.૩, ઉધના ઉધ્યોગનગર, ઉધના, સુરત. | સેવ<br>ગાંઠીયા |
| ૩. | મહાવીર નમકીન્સ પ્રા.લિ. | બી–૧,શુભ મંગલનગર સોસાયટી,અડાજણ, સુરત. | સેવ<br>ભાવનગરી ગાંઠીયા |
| ૪. | જૈનમ મહિલા ગૃહ ઉધ્યોગ | પ્લોટ નં.૧૩૬, તિરૂપતી ઈન્ડ.કો.ઓપ.સોસાયટી,વેડ રોડ, સુરત. | ભાવનગરી ગાંઠીયા<br>ભાઠાની કણી |
| ૫. | રતન ફુડ પ્રોડકટ | આઈ માતા સર્કલ, મગોબ, સુરત. | મોળી સેવ<br>ગાંઠીયા |
| ૬. | ગીતા ફરસાણ | મહાપ્રભુનગર, લિંબાયત, સુરત. | મોળી સેવ |
| ૭. | સિધ્ધી ફરસાણ | મહાપ્રભુનગર, લિંબાયત, સુરત. | મોળી પાપડી |
| ૮. | સંગીતા ફરસાણ | સોનલ ઈન્ડ.એસ્ટેટ, ભેસ્તાન, સુરત. | મોળી સેવ<br>તીખી સેવ |
| ૯. | મયુર ફરસાણ | પાર્થ સોસયટી, છાપરાભાઢા રોડ, સુરત. | સેવ<br>ગાંઠીયા |

૫૫૭

# <u>પ્રેસનોટ</u>

## સુરત મહાનગરપાલિકા

# પશ્ચિમ ઝોન(રાંદેર)

સુરત મહાનગરપાલિકાનાં પશ્ચિમ ઝોન(રાંદેર)ધ્વારા તા.૨૬/૧૦/૨૦૧૮ના રોજ પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તારમાં આવેલ ટી.પી.સ્કીમ નં.૨૯(રાંદેર)માં ઝઘડિયા ચોકડી પાસે સુરત મહાનગરપાલિકાના રીઝર્વેશન પ્લોટ ફા.પ્લોટ નં.૧૦૮(પબ્લીક યુટીલીટી) અને ૧૦૯(લોકલ કોમર્શીયલ) ફળવાયેલ છે. સદર રીઝર્વેશન પ્લોટમાં વર્ષો જૂના ફેબ્રિકેશન શેડ, કમ્પાઉન્ડ વોલ વિગેરેના બાંધકામ આવેલ હતા. સુરત મહાનગરપાલિકાની કોઈપણ પ્રકારની પરવાનગી કે મંજૂરી વિના ગેરકાયદેસર રીતે રીઝવર્ડ પ્લોટ પર ઘણા લાંબા સમયથી કબ્જો કરી વપરાશ ચાલુ રાખેલ. આજ રોજ પશ્ચિમ ઝોન (રાંદેર)ના શહેર વિકાસના તથા દબાણ ખાતાના સ્ટાફ ધ્વારા સદર બંને રીઝર્વેશન પ્લોટ પરના કાચા–પાકાં કોમર્શીયલ બાંધકામો ડિમોલશેન કરી ખુલ્લા કરવામાં આવેલ અને આશરે ૬૫૦૦.૦૦ ચો.ફૂટ જેટલું બાંધકામ દૂર કરવામાં આવેલ તથા ૨૩,૦૦૦.૦૦ ચો.ફૂટ જેટલો રીઝર્વેશન પ્લોટ વિસ્તાર ખુલ્લો કરી કબ્જો લેવામાં આવેલ.

**સદર કામગીરી પશ્ચિમ ઝોન(રાંદેર)ના કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના તથા સીધા માર્ગદર્શન હેઠળ રાંદેર ઝોનના શહેરી વિકાસના ૪–આસી.ઈજનેર/જુની ઈજનેર, ૧–સુપરવાઈઝર, ૧–ટેકનીકલ આસીસટન્ટ, ૧–ફોટોગ્રાફર તથા કુલ–૨૦ બેલદાર, કુલ ૨–નંગ મઝદા ગાડી સહિત સદર કામગીરી શાંતિપૂર્ણ રીતે પૂર્ણ કરવામાં આવેલ.**

# પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૬/૧૦/૨૦૧૮ થી તા.૦૧/૧૧/૨૦૧૮ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૩૩૯૮ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૧૬૮ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૧૪૧ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૧ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૮ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૦૪ |

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં.......558....
તા.૦૨/૧૧/૨૦૧૮

# સુરત મહાનગરપાલિકા

# પશ્ચિમ ઝોન(રાંદેર)

# <u>પ્રેસનોટ</u>

પશ્ચિમ ઝોન (રાંદેર) માં સમાવિષ્ટ ટી.પી.સ્કીમ નં.૩૧ (અડાજણ), ફા.પ્લોટ નં.૨૬–૧૮૪ ખાતે કવિ કલાપી ગાર્ડન આવેલ છે તેમજ ઉકત ગાર્ડનમાં ૧૬૩૯૧ ચો.મી. એરીયામાં તળાવ આવેલુ છે. સદરહુ ગાર્ડનમાં ગાર્ડનીંગ હેતુ માટે તેમજ તળાવમાં પાણી ભરવાના હેતુસર 1 MLD ક્ષમતાવાળો ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવાનું આયોજન હાથ ધરેલ. જે અન્વયે અત્રેથી ઉકત જગ્યામાં દરરોજ ૧૦ લાખ લીટર પાણી મળી રહે તે હેતુસરનો પ્લાન્ટ EPC કોન્ટ્રાકટથી બનાવવામાં આવેલ. જેને દસ વર્ષ માટે ઓપરેશન અને મેઈન્ટેનન્સ કોન્ટ્રાકટર દ્વારા કરવામાં આવશે. સદરહુ પ્રોજેકટનું લોકાપર્ણ આજરોજ તા.૦૩/૧૧/૨૦૧૮ ના રોજ ગુજરાત રાજયનાં મા. મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલનાં હસ્તે કરવામાં આવેલ. જેમાં મા.મેયરશ્રી, મા.ડે.મેયરશ્રી, સ્ટે.સમિતિ ચેરમેનશ્રી તેમજ સાંસદ સભ્યશ્રી દર્શનાબેન જરદોશ તેમજ સ્થાનિક કોર્પોરેટરશ્રીઓ હાજર રહેલ. ઉકત પ્રોજેકટના લોકાપર્ણથી કવિ કલાપી ગાર્ડનમાં વપરાતુ ગાર્ડનીંગ માટે પીવાના પાણીનો દરરોજ ૨૫ હજાર લીટર પાણીનો બચાવ થશે તેમજ વધુમાં ઉકત પાણી અડાજણ/રાંદેર તેમજ અત્રેના ઝોનમાં વિવિધ વિસ્તારોમાં ગાર્ડનીંગ હેતુસર ટેન્કર મારફત પહોંચાડી શકાશે જેમાંથી આશરે પ્રતિદિન ૧ લાખ લીટર પીવાના પાણીની બચત થશે તેમજ કવિ કલાપી ગાર્ડન ખાતે આવેલ તળાવમાં પાણી ભર્યેથી ઉકત તળાવનો ઉપયોગ રીક્રીએશન હેતુસર થઈ શકશે. વધુમાં ઉકત પ્લાન્ટમાં સુએઝના પાણીનો ઉપયોગ કરી તેને શુધ્ધ કરવાનું હોવાથી સુએઝ પંપીગ સ્ટેશન પર સુએઝના પાણીનું ભારણ પણ ઓછુ થશે.

# <u>પ્રેસ નોટ</u>

## <u>સુરત મહાનગર પાલિકા ના સાઉથ ઈસ્ટ ઝોન ના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આંજણા ફાર્મ તરણકુંડની બાજુમાં મોમીન ઈન્ડસ્ટ્રીઝ ની સામે ખુલ્લા પ્લોટમાં કાપડનો ચિન્ધીનો વેસ્ટ મટીરીયલ સળી ગયેલ હતો.</u>

તા. ૦૩/૧૧/૨૦૧૮ ના રોજ સુરત મહાનગર પાલિકાના ફાયર ડીપાર્ટમેન્ટ મેસેજ આપતા લિંબાયત ઝોન માં આંજણા ફાર્મ તરણકુંડની બાજુમાં મોમીન ઈન્ડસ્ટ્રીઝની સામે આવેલ ખુલ્લા પ્લોટમાં કાપડનો ચિન્ધીનો વેસ્ટ મટીરીયલનો જથ્થમાં સંગ્રહ કરેલ હતો. જેમાં અચાનક અંદાજીત ૫૦૦–ટન કરતા વધુ મટીરીયલ સળગી ગયેલ હતો. જેમાં આઈસર કંમ્પનીનો એક ટેમ્પો પાર્ક કરેલ હતો. જે સળગી ગયેલ હતો. આ પ્લોટ કબજેદાર સલીમખાન બાબારખાન પઠાણ છે. આગ જોતા જાહેર હિતમાં આજુબાજુની મિલ્કત અને તેના કામ કરતા લોકોની જાન હાનિ થઈ શકે છે. તેમજ ઘનકચરા અધિનીયમ ૨૦૧૬ સબબ આ બાબતે કબજેદાર ની બેદરકારી જોતા સા.ઈ.ઝોન ના આરોગ્ય વિગાભ દ્વારા પોલીસ ફરીયાદ દાખલ કરવામાં આવેલ છે.

# સુરત મહાનગરપાલિકા

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા રાંદેર ઝોન અને લિંબાયત ઝોન વિસ્તારમાં જહાંગીરપુરા થી અમરોલી–સાયણ તરફ જતા ૪૫.૦૦ મીટરના ટી.પી./ડી.પી. રસ્તા ઉપર છાપરાભાઠા વાય જંકશન પાસે ખાડી ઉપર હયાત પુલની જગ્યાએ તથા તેની બંને બાજુએ ત્રણ–ત્રણ લેનનો નવો પુલનું લોકાર્પણ કરવામાં આવેલ અને જહાંગીરપુરા થી વરીયાવ તરફ જતા ૪૫.૦૦ મીટરના ટી.પી. રસ્તા ઉપર વરીયાવ ડ્રેનેજ પંપીગ સ્ટેશન પાસે ખાડી ઉપર હયાત પુલની જગ્યાએ તથા તેની બંને બાજુએ નવો પુલ બનાવવામાં આવેલ તથા રાંદેર ઝોન વિસ્તારમાં આવેલ ટી.પી. સ્કીમ નં૩૧ (અડાજણ) ,ફા.પ્લોટ નં.૨૬–૧૮૪ ખાતે આવેલ કવિ કલાપી ગાર્ડનમાં ૧ MLD ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ તથા કતારગામ–અઠવા–વરાછા વિસ્તારમાં રૂા.૨૩.૫૧ કરોડના ખર્ચે ખાતમુહૂર્ત થનાર વિવિધ પ્રકલ્પોની તકતીઓની અનાવરણવિધિ શ્રી કૌશિકકુમાર પટેલ માન.મંત્રી,મેહસૂલ,ગુજરાત રાજયના વરદ્દહસ્તે સુમન હાઈસ્કૂલ, રામેશ્વરનગર, લક્ષ્મણનગર ફાટક પાસે, નીલગીરી સર્કલ નજીક,લિંબાયત,સુરત ખાતે સંપન્ન થયેલ.

લિંબાયતમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૪૦ (લિંબાયત–ડીંડોલી) ,ફા.પ્લોટ નં.૧૯, રામેશ્વરનગર ખાતે સુમન શાળાનું લોકાર્પણ તથા અન્ય પ્રકલ્પોની ખાતમુહૂર્તની તકતીઓની અનાવરણવિધિ કરવામાં સંપન્ન કરવામાં આવી.

આ કાર્યક્રમ પ્રસંગે માનનીય મેયર ડૉ.જગદીશ પટેલે તેમના સ્વાગત પ્રવચનમાં જણાવ્યું કે સુરત મહાનગરપાલિકા દેશની અન્ય કોઈપણ મહાનગરપાલિકા કરતા વધારે પ્રગતિશીલ રીતે કાર્ય કરે છે.માન.કમિશનરશ્રી અને તેમની ટીમ હંમેશા નવા પ્રોજેકટો,મિટીગો, વિકાસલક્ષી કાર્યો માટે તૈયાર રહે છે.સુરત મહાનગરપાલિકાએ સૌથી વધારે એવોર્ડ પ્રાપ્ત કરેલ છે.જુની ખાડી પર નવા બ્રિજ બનાવી નવીનીકરણ કરવામાં આવેલ છે જેથી રસ્તાઓ પહોળા બનશે ટ્રાફિકની સમસ્યા હલ થશે.લોકોનો સમય બચશે. આ ઉપરાતં ડ્રેનેજના પાણીના શુધ્ધિકરણ કરવા માટે કવિ કલાપી ગાર્ડન ખાતે ૧ એમ.એલ.ડી. ટર્શરી ટ્રીટમેન્ટ પ્લાન્ટનું લોકાર્પણ કરવામાં આવેલ.ડ્રેનેજના પાણીને ઝાડ,છોડ, નવા બાંધકામ અને કંપનીઓમાં વાપરવામાં આવશે. સુમન હાઈસ્કૂલના નિર્માણથી વિધાર્થીઓને શિક્ષણનો લાભ મળશે.વર્તમાન સરકાર જેનું ખાતમુહૂર્ત કરે છે તેનું લોકાર્પણ જલ્દીથી થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.કેન્દ્ર સરકાર અને રાજય સરકાર સાથે સમન્વય કરીને વિકાસલક્ષી કાર્યો ઝડપથી પૂર્ણ કરી શકાય તે માટે અમે હંમેશા તત્પર રહીએ છીએ.

આ પ્રસંગે ઉપસ્થિત માનનીય શ્રી કૌશિકકુમાર પટેલ માન.મંત્રી,મેહસૂલ,ગુજરાત રાજયનું માન.મેયર ડૉ.જગદીશ પટેલ તથા માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસને પુસ્તક,શાલ અને સ્મૃતિભેટ અર્પણ કરી સ્વાગત કરેલ તથા અન્ય મહાનુભવોનું પણ પુસ્તક આપી સ્વાગત કરવામાં આવેલ.

આ પ્રસંગે માન.મંત્રી,મેહસૂલ,ગુજરાત રાજય શ્રી કૌશિકકુમાર પટેલે તેમના ઉદ્દબોધનમાં જણાવ્યું હતું કે સુરત એટલે વિકાસની મૂરત, ૪૨ કરોડ કરતા પણ વધારે પ્રોકલ્પોના ખાતમુહૂર્ત/લોકાર્પણ માટે માન.મેયરશ્રી અને માન.કમિશનરશ્રીની ટીમને અભિનંદન. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી અને માન.મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ વિકાસ યજ્ઞનો શુભારંભ કર્યો છે.તેમાં ગુજરાત જ નહિ ભારતદેશ ગર્વ લઈ શકે તેવા વિકાસ કાર્યો સુરતમાં થાય

છે.રાજય સરકાર વિકાસ કાર્યો માટે મહત્તમ ફંડ આપવા તત્પર છે. સુરત મહાનગરપાલિકા એકમાત્ર એવી મહાનગરપાલિકા છે.સુરત શહેરમાં ૧૦૦ થી વધુ બ્રિજો છે બ્રિજો અને રસ્તાઓ માંગણીમાં નથી છતાં પણ બ્રિજો અને રસ્તાઓ બનાવવામાં આવે છે.સુરત મહાનગરપાલિકા રસ્તા,ગટર,શિક્ષણ,આરોગ્ય જેવી પ્રાથમિક સુવિધાઓ આપવામાં હંમેશા અગ્રેસર રહી છે.૧.એમ.એલ.ડી.ક્ષમતાવાળો ટર્શરી સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ બનાવવામાં આવ્યો છે.જેમાં ગંદા પાણીને શુધ્ધિ કરી ઉદ્યોગો અને બાંધકામક્ષેત્રે ઉપયોગ કરવામાં આવશે અને પાણીનો દુરપયોગ થતો અટકશે.સુમન શાળા નામ તેવા જ ગુણ છે.પ્રાથમિક શિક્ષણની જવાબદારી સુરત મહાનગરપાલિકાની છે.સુરત મહાનગરપાલિકા તે જવાબદારી ખૂબ જ સારી રીતે નિભાવે છે.ધોરણ–૮ સુધી ફરજિયાત શિક્ષણ છે ત્યારબાદ ધોરણ–૯ અને ૧૦ ની જવાબદારી રાજય સરકારની છે છતાં પણ સુમન શાળાની અંદર જ ધોરણ–૯ અને ૧૦ નો સમાવેશ કર્યો છે જે તેનો શિક્ષણ પ્રત્યેની ઉત્સાહ બતાવે છે. સમગ્ર દેશમાં સતત વિકાસ થઈ રહયો છે.વર્તમાન સરકારે તેને લોકો સુધી પહોંચાડી છે.દેશના વડાપ્રધાન અને માન.મુખ્યમંત્રી સૌનો સાથ સૌનો વિકાસના સૂત્રને અનુસરે છે. વર્તમાન સરકારે ૩૧ ઓકટોબરના રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી મોટી પ્રતિમાનું લોકાર્પણ કર્યુ,સુરતએ મીની ભારત છે. જેમાં લોકો એક પરિવારની જેમ રહે છે.એક ભારત શ્રેષ્ઠ ભારતનો સંકલ્પ કરીએ.

કાર્યક્રમના અંતે માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી ગિરિજાશંકર મિશ્રા ધ્વારા ઉપસ્થિત મહેમાનો આભાર વ્યકત કરી કાર્યક્રમ સંપન્ન કરવામાં આવેલ.

આ પ્રસંગે શ્રી માન.ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ડે.મેયર શ્રી નિરવ શાહ, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી અનિલભાઈ ગોપલાણી, માન.દંડક શાસક પક્ષ શ્રીમતી દક્ષાબેન જરીવાલા,માન.મ્યુ.કમિશનર શ્રી એમ.થેન્નારસન તથા વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ,વોર્ડ સદસ્યશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ, પ્રેસ, મીડીયા, અધિકારીશ્રીઓ, કર્મચારીશ્રીઓ તથા જાહેર જનતા,શાળાના વિદ્યાર્થીઓ વિગેરે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનવ્યો હતો.

જનસંપર્ક વિભાગ,સમાચાર યાદી નં.૫૬૧, તા.૦૩/૧૧/૨૦૧૮

## સુરત મહાનગર પાલિકા
## વાહકજન્ય રોગનિયંત્રણ વિભાગ, મુખ્યકચેરી
### અખબારી યાદી

# ડ્રાય ડે

### સુરત મહાનગરપાલિકા દ્વારા ડેન્ગ્યુ રોગ અંતર્ગત આજરોજ કરવામાં આવેલ "ડ્રાય ડે" ઝુંબેશ ની પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા હાલની મચ્છરજન્ય રોગોનાં નિયંત્રણ માટે તમામ સ્તરે સઘન કામગીરી કરવામાં આવી રહી છે જેના અનુસંધાને તમામ ઝોનમાં આજે તા.૦૩/૧૧/૨૦૧૮ ના રોજ મચ્છરજન્ય રોગ નિયંત્રણ માટે "ડ્રાય ડે" ની ઉજવણી કરવામાં આવેલ હતી. જેની માહિતી નીચે મુજબ છે.

સેન્ટ્રલ ઝોનમાં મુસીબતપુરા,મૌલવીસ્ટ્રીટ,કુબેરદાસનીવાડી,વ્હોરાવાડ,લાપસીવાલાચાલ,ખાંડાકુવા,પાંજનીગરવાડ,નવસઈદનો ટેકરો,હરીજનવાસજેવાવિસ્તારોમાં,રાંદેર ઝોનમાંસુભાષનગરતથા રીવર ફ્રન્ટ,અડજણગામ–મુસ્લીમ ફળીયું,ભંડારી વાડ,દરજી મહોલ્લો,હિદાયતનગર,દીપમાલાસોસા.,સંતતુકારામસોસા.વિ–૬,આનંદનગર.જેવાવિસ્તારોમાં,ઉધનાઝોનમાંઅશોકસમ્રાટનગર ,આર્વિભાવ–૧, સરસ્વતી આવાસ, ગણપતનગર, રામેશ્વરનગર, યોગેશ્વરનગર, શાસ્ત્રીનગર, તથા આજુબાજુનો વિસ્તાર જેવા વિસ્તારોમાં,લિંબાયતઝોનમાંઆઝાદચોક,નુરાનીનગર,સુગરાનગર, રેલરાહત કોલોની, નુરેઈલાહીનગર,રાજીવનગર,આશાનગર, મોમનાનીચાલ, શ્રમજીવી સોસાયટી, સોનીયાનગર, જગન્નાથનગર, પ્રિયંકા–૧–૨, કૃષ્ણકૃંજ સોસાયટી, ગીતાનગર,શ્રધ્ધાનગર, આસ્તિકકૃપા,પટેલનગર,મીરાનગર,ભારદ્વાજનગરજેવાવિસ્તારોમાં,અઠવા ઝોનમાં આદર્શ સોસાયટી,પનાસગામ,હેડગેવારનગર, આસ્થાવાળા સુડા,એટોપનગર સોસાયટી,ભરથાણાં હળપતિવાસ,રણછોડ રત્નાનગર,મગદલ્લાજેવાવિસ્તારોમાં,કતારગામ ઝોનમાંહળપતિવાસ,આંબાતલાવડી,ત્રિવેણીસોસા.વેડરોડ,પટેલવાડી,૧,૨,૩,રાયલીપ્રેસ,અંજારીયાવાડી,શ્રીરામનગર,માલધારી વસાહત, કોસાડ આવાસ.જેવા વિસ્તારોમાં,વરાછા ઝોનમાં નરસિંહ મંદિર, મોહનકાકાની ચાલ, ઉધરસભૈયાની ચાલ, ખાડી મહોલ્લો,ઈન્દિરાનગર, મહાદેવનગર, અંકુર સો., વિહળનગર, રાણાપંચની વાડી,કપુરવાડીના કારખાના,શ્રીરામનગર,રવિપાર્ક ટાંકીપાળ ઝું.,કૃષ્ણનગર,દિનદયાળનગર,ખડી ફળિયું,ગુરુનગર, વિષ્ણુનગર, વિધાતાનગર, મોમાઈનગર,દિવાળીબા સો.,પશુપાલન સો., પ્રમુખછાયા સો., ગોદાવરીપાર્ક.જેવા વિસ્તારોમાં કામગીરી કરવામાં આવી.

સમગ્ર શહેરમાં.....

| સર્વે કરેલ ઘરની સંખ્યા | સર્વે કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | નાશ કરેલ બ્રિડીંગ સ્પોટની સંખ્યા | ડ્રાય કરેલ પાત્રોની સંખ્યા | સોર્સ રીડકશન | બ્લડ સ્મીયર કલેકશન | નો ટિ સ | વહીવટી ખર્ચ | ઈસમ ની સંખ્યા | ટેમીફોસ ટ્રીટમેન્ટ | પેમ્ફલેટ વિતરણ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| 116167 | 250458 | 630 | 2653 | 1055 | 3148 | 162 | 50300 | 62 | 72722 | 13445 |

**તાવ માટેની ટોલ ફ્રી હેલ્પલાઈન ૧૦૪ નો ઉપયોગ કરવો.**

**સમય સવારે ૮.૦૦ થી રાત્રે ૮.૦૦**

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 568
તા. ૦૩–૧૧–૨૦૧૮

# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ આગામી દિવાળીનાં તહેવાર નિમિતે સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૦૩/૧૧/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૧૮ મિઠાઈના નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં. | સંસ્થાનુ નામ | સરનામુ | લીધેલ નમુના |
|---|---|---|---|
| ૧. | રસ સાગર સ્વીટ હાઉસ | સાગર કોમ્પલેક્ષ, રીંગ રોડ, સુરત | કાજુ કતરી |
| ૨. | મુદિતાની મિઠાઈ | નાનપુરા, સુરત | કાજુ કતરી<br>બરફી |
| ૩. | કૈલાશ રેસ્ટોરેન્ટ | ટીમલીયાવાડ, નાનપુરા, સુરત | કાજુ રોલ<br>કાજુ કતરી |
| ૪. | શીવગૌરી મિઠાઈ | ગોપીપુરા મેઈન રોડ, સુરત | કાજુ કતરી |
| ૫. | આગ્રા સ્વીટ એન્ડ નમકીન | મંગલદીપ એપાર્ટ., ભટાર રોડ, સુરત | કાજુ કતરી<br>પેંડા |
| ૬. | સૂર્ય કિરણ સ્વીટ | બક્ષી ફળીયું, કાસા નગર સામે, કતારગામ, સુરત | અંજીર અખરોટ હલવો |
| ૭. | શ્રી મહેશ્વરી કન્ફેકશનર્સ | એસકોન પ્લાઝા, અડાજણ, સુરત | કોપરા પાક<br>કાજુ કતરી |
| ૮. | અમીધારા ડેરી | સૌરભ સોસા., મોરા ભાગળ, સુરત | કલાકંદ |
| ૯. | શીવ શકિત સ્વીટ એન્ડ સ્નેકસ | સ્વીટ હોમ, ઘોડ દોડ રોડ, સુરત | કાજુ કતરી<br>મલાઈ પેંડા |
| ૧૦. | શીવ શકિત સ્વીટ | રીંગ રોડ, સુરત | કાજુ કતરી<br>બરફી |
| ૧૧. | મખ્ખનભોગ | ઘોડ દોડ રોડ, સુરત | કાજુ કતરી<br>મલાઈ બરફી |

# પ્રેસ નોટ
# અર્બન મોબિલીટી ઈન્ડીયા

ભારત સરકારશ્રીના મીનીસ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ દ્વારા "The Annual Urban Mobility India(UMI)" કોન્ફરન્સ અને એક્ષ્પો પ્રોગ્રામનું આયોજન કરવામાં આવેલ. સદરહુ ઈવેન્ટનું ઉદ્દ્ઘાટન માન. મંત્રીશ્રી, હાઉસીંગ અને અર્બન અફેર્સ દ્વારા કરવામાં આવેલ. UMI ની સ્થાપના ભારત સરકારની રાષ્ટ્રીય શહેરી પરિવહન નિતિ, ૨૦૦૬(NUTP) ના આધાર ઉપર થયેલે જેનો મુખ્ય ઉદ્દેશ શહેરી પરિવહન સાથે સંકળાયેલી સમસ્યાઓનું નિરાકરણનો છે તેમજ મહદ્ અંશે રાજ્ય અને શહેરી સ્તરે સસ્ટેનેબલ અર્બન ટ્રાન્સપોર્ટ સિસ્ટમના વિકાસ અને તેની ક્ષમતાઓ ઉપર ભાર મુકે છે અને તેના માટે સતત કાર્યશીલ રહે છે. ૧૧મી UMI-2018 કોન્ફરન્સ તા. ૨ થી ૪ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ ચિટનાવીસ સેન્ટર, નાગપુર ખાતે મહારાષ્ટ્ર સરકારશ્રીના સહઆયોજનથી યોજવામાં આવેલ હતી.

કોન્ફરન્સનો મુખ્ય વિષય "Green Urban Mobility" નો હતો. શહેરી પરિવહનને લગતી હાલની સમસ્યાઓ કે જે રાષ્ટ્રીય અગત્યતાઓને ધ્યાનમાં રાખી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે અનુભવી અને કૌશલ્યબદ્ધ સ્પીકર અને પેનલ દ્વારા સદરહુ સમસ્યાઓના ઉકેલ માટે ત્રણ દિવસ દરમ્યાન વિવિધ પાસાઓ તથા જુદા જુદા પેટા વિષયો ઉપર વિગતવાર ચર્ચાઓ કરવામાં આવેલ તથા તે અંગે પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ. "ડેવલપ્મેન્ટ ઓફ ડિજીટલ ટેક્નોલોજી ઈન પબ્લીક ટ્રાન્સપોર્ટ" ના પરિસંવાદમાં સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નર ડો. રાજેશ પંડયા ધ્વારા તા.૦૩/૧૧/૨૦૧૮ ના રોજ "ITMS & IFCS in Surat" ના વિષય પર પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવેલ.

વધુમાં અર્બન ટ્રાન્સપોર્ટની કામગીરી અને તેના વિવિધ પાસાઓ બાબતે જે લોકોપયોગી કામગીરીઓ થયેલ હોય અને તેનાથી પરિવહન સુધારણામાં અગર તો સામાન્ય નગરજનોને મળતી સુવિધાઓમાં થયેલ હોય તો તેના માટે મિનિષ્ટ્રી ઓફ હાઉસીગ એન્ડ અર્બન અફેર્સ ધ્વારા દર વર્ષે સારી કામગીરી માટેના એવોર્ડ આપવામાં આવે છે. આ વર્ષે પણ મિનિષ્ટ્રી ઓફ હાઉસીંગ એન્ડ અર્બન અફેર્સ ધ્વારા કુલ ૬(છ) કેટેગરી માટેના એવોર્ડ સારૂ અરજીઓ મંગાવવામાં આવેલ. સુરત મહાનગરપાલિકા ધ્વારા ૪(ચાર) કેટેગરી માટેના એવોર્ડ સારૂ નોમિનેશન ફાઈલ કરવામાં આવેલ. દેશના વિભિન્ન ભાગોના જુદા જુદા શહેરો, રાજયો તથા ઓથોરીટી તરફથી મળેલ નોમિનેશનને સ્ક્રુટીની કરવામાં આવેલ તથા તેમાંથી પસંદગી કરીને શોર્ટ લિસ્ટ કરવામાં આવેલ યાદીમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા રજુ કરવામાં આવેલ ૩(ત્રણ) એન્ટ્રી પસંદગી પામેલ. પસંદગી કરવામાં આવેલ એન્ટ્રીની માહિતી સાથેનું પ્રઝન્ટેશન દિલ્હી ખાતે તા.૦૯ થી ૧૧ ઓકટોબર, ૨૦૧૮ દરમ્યાન રાખવામાં આવેલ તથા "પ્રોજેકટ એપ્રેઈઝલ કમિટિ" ધ્વારા પ્રોજેકટની વિગતો મેળવીને ક્રોસ વેરીફિકેશન કરવામાં આવેલ.

એપ્રેઈઝલ કમિટિ સમક્ષ કરવામાં આવેલ પ્રેઝન્ટેશન તથા સવાલ–જવાબ / સ્ક્રુટિનીના આધારે દરેક કેટેગરી માટેના એવોર્ડ સારૂ નોમિનેશનમાંથી ચયન કરવામાં આવેલ જેના સુરત મહાનગરપાલિકાને ત્રણ કેટેગરીમાં એવોર્ડ માટે પસંદગી કરવામાં આવેલ છે.

- "બેસ્ટ ઈન્ટેલીજેન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ" ની કેટેગરીમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા રજુ કરવામાં આવેલ "ઈન્ટેલીજેન્ટ ટ્રાન્સપોર્ટ સિસ્ટમ – ITMS & IFCS" ની એન્ટ્રીને "Award of Excellence" જાહેર કરવામાં આવેલ છે.
- "બેસ્ટ અર્બન માસ ટ્રાન્ઝિટ પ્રોજેક્ટ" ની કેટેગરીમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા રજુ કરવામાં આવેલ "ઈન્ટીગ્રેટેડ અર્બન ટ્રાન્સપોર્ટ સિસ્ટમ" ના પ્રોજેકટને પણ "Award of Excellence" જાહેર કરવામાં આવેલ છે.
- "બેસ્ટ સીટી ઈન અર્બન ટ્રાન્સપોર્ટ ઈનીસીએટીવ" ની કેટેગરીમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા રજુ કરવામાં આવેલ "Marching towards empowerment through public initiative - Pink Auto Project: Women are in search of not big work but different work, Surat" ની ઉપયોગીતા અને જાહેર પરિવહનમાં તેના યોગદાનને ધ્યાન લેતા તેના માટે "Commendable Initiative Award" આપવાનું જાહેર કરવામાં આવેલ છે.

Hon.Mayor of Nagpur
એવોર્ડ ~~[illegible]~~ દ્વારા તા.૦૪/૧૧/૨૦૧૮ના રોજ નાગપુર, મહારાષ્ટ્ર ખાતે એનાયત કરવામાં આવેલ છે. જે સુરત મહાનગરપાલિકાની પ્રતિષ્ઠામાં વધુ યશ મળવા સમાન છે જે શહેરીજનો માટે પણ ગૌરવરૂપ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં.......
તા.૦૪/૧૧/૨૦૧૮









# પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકાના વર્ગ–૪ ના કર્મચારીઓને બોનસની ચુકવણી

રાજય સરકારશ્રીના ઠરાવ મુજબ ચોથા વર્ગના લાગુ પડતા કર્મચારીઓને બોનસ જાહેર કરેલ છે તે મુજબ સુરત મહાનગરપાલિકાએ પણ તેના સંબંધિત કુલ ૯૮૧૧ કર્મચારીઓને રૂાં.૩ કરોડ ૨૫ લાખ જેટલું બોનસ તાત્કાલિક ધોરણે મંજુર કરી જે તે કર્મચારીઓના બેંક એકાઉન્ટમાં ડાયરેક જમા આપેલ છે. જેના કારણે કર્મચારીઓમાં આનંદની લાગણી પ્રસરી ગઈ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર
સમાચાર યાદી નં. 566
તા.૦૫-૧૧-૨૦૧૮

# <u>પ્રેસ નોટ</u>

## સુરત મહાનગર પાલિકા

## વોચ એન્ડ વોર્ડ વિભાગ

સુરત મહાનગર પાલિકાના વોચ એન્ડ વોર્ડ વિભાગનાં તાલીમાર્થી માર્શલ શ્રી સારથી ભરતભાઈ ભંડારીએ (કર્મચારી નંબર ૮૬૯૨૩) ખેલ મહાકુંભ–૨૦૧૮ માં સ્ટેટ લેવલ કોમ્પીટીશનમાં વેઈટ લીફટીંગમાં કન્ટીન્યુઅસ ચાર વખત ફર્સ્ટ આવી ચેમ્પીયન થયેલ છે તથા ગોલ્ડ મેડલ મેળવેલ છે. તેઓએ ગુજરાત સ્ટેટ લેવલે પણ વેઈટ લીફટીંગ ચેમ્પીયન શીપમાં પણ કન્ટીન્યુઅસ ૧૦ વખત ગોલ્ડ મેડલ મેળવેલ છે. જેના પરિણામ રૂપે તેઓને ગુજરાત સરકાર તરફથી સને ૨૦૦૭–૨૦૦૮ નાં વર્ષમાં વેઈટ લીફટીંગમાં વિશિષ્ટ ખેલાડી તરીકે જાહેર થતાં, જયદિપસિંહજી એવોર્ડ (જુનિયર) તથા સને ૨૦૧૩–૨૦૧૪ નાં વર્ષમાં વેઈટ લીફટીંગમાં For Best Lifter જાહેર થતાં, જયદિપસિંહજી એવોર્ડ (સિનિયર) પ્રદાન કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા
સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)

**<u>પ્રેસનોટ</u>**

**સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં તા.૧૫/૧૧/૨૦૧૮ ના રોજ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા) વિસ્તારમાં બિનઅધિકૃત બાંધકામ દુર કરવાની કામગીરીની વિગત.**

સાઉથ ઈસ્ટ(લિંબાયત) ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ ફાયનલ ટી.પી.સ્કીમ નં.૦૭ (આંજણા), એફ.પી. ૧૬૬ માં આવેલ અમનનગર–૧ સબ પ્લોટ નં.૧૯૯, ૨૦૦ માં તથા ફા.પ્લોટ નં.૧૫૫, સબ પ્લોટ નં. ૬૦ શિવ ટાઉનશીપ ભાઠેના તરીકે ઓળખાતી સોસાયટીમાં મિલ્કતદારો ધ્વારા સુરત મહાનગરપાલિકાની પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય બિનઅધિકૃત રીતે બાંધકામ શરૂ કરવામાં આવેલ. જે અત્રેના ધ્યાને આવતા અત્રેથી તા.૧૫/૧૧/૨૦૧૮ નાં રોજ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન, વોચ એન્ડ વોર્ડનાં સીક્યોરીટી સ્ટાફ તથા પોલીસ સ્ટાફને સાથે રાખી ડીમોલીશનની કાર્યવાહી હાથ ધરી અંદાજીત ૨૦૦૦ ચો. ફુટ આર.સી.સી. તથા ૧૩૦૦ ચો.ફુટ ચણતર પ્રકારનું બિનઅધિકૃત બાંધકામ દુર કરવામાં આવેલ તેમજ રૂા.૧,૨૫,૦૦૦/– ની દંડકીય રકમ ની વસુલાત કરવામાં આવેલ છે.

સદર કામગીરી સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)ના મે. ડેપ્યુટી કમિશ્નરશ્રી(ડી)ના સીધા માર્ગદર્શન હેઠળ શહેર વિકાસ વિભાગ તથા દબાણ વિભાગ સાથે સંયુકત રીતે કરવામાં આવેલ છે.

જનસંપર્ક વિભાગ
સુરત મહાનગરપાલિકા તરફથી સાદર
સમાચાર યાદી નં. 560
તા.૧૫/૧૧/૨૦૧૮

# પ્રેસ નોટ

દુનિયાભરના હેરીટેજ વારસાની જાળવણી માટે પ્રોત્સાહિત કરવા યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજયુકેશનલ, સાયન્ટીફીક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દ્વારા દર વર્ષે ૧૯ નવેમ્બરથી ૨૫ નવેમ્બર સુધી વર્લ્ડ હેરીટેજ વીક'ની ઉજવણી કરવામાં આવે છે, તે અંતર્ગત તા.૨૧–૧૧–૨૦૧૮ થી તા.૨૫–૧૧–૨૦૧૮ દરમ્યાન સાયન્સ સેન્ટર સ્થિત આર્ટ ગેલેરીના ભોંય તળીયે સુરત મહાનગરપાલિકા દ્વારા સુરત શહેરના ઐતિહાસિક વારસાને ઉજાગર કરતા હેરીટેજ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં સુરતના વિવિધ ઐતિહાસિક, સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સ્થળો, જુંનું સુરત અને નવું સુરત, સુરતના નકશાઓ, સુરત બંદરની વિશેષ માહિતી પ્રદર્શિત કરવામાં આવી છે.

**:પ્રદર્શનો સમયઃ**

આ પ્રદર્શન તારીખ ૨૧,૨૩,૨૪ અને ૨૫ નવેમ્બર, ૨૦૧૮ સુધી સવારે ૧૧.૩૦ થી સાંજે ૬.૩૦ સુધી,

તારીખ  ૨૨ નવેમ્બર, ૨૦૧૮ ના રોજ સવારે ૦૯.૩૦ થી સાંજે ૪.૩૦ સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

# પ્રેસનોટ

## સેન્ટ્રલ ઝોન

## સુરત મહાનગરપાલિકા

**ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–**

સેન્ટ્રલ ઝોનના એડી.સીટી ઈજનેરશ્રી અને કાર્યપાલક ઈજનેરશ્રીની સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોનમાં નીચે જણાવેલ મિલ્કતદારો ધ્વારા કરવામાં આવતા અનઅધિકૃત બાંધકામ અંગે વખતોવખત આપવામાં આવેલ નોટીસોનો અનાદર કરી અનઅધિકૃત બાંધકામ સ્વૈચ્છિક દુર કરવામાં ન આવતા, અત્રેના શહેર વિકાસ વિભાગના તથા સીકયુરીટી/માર્શલ સ્ટાફ ધ્વારા અનઅધિકૃત બાંધકામો દુર કરી, જરૂરી વહીવટી ચાર્જ વસુલ લેવામાં આવેલ છે.

| ક્રમ | વોર્ડ નં. | નોંધ નં. | સ્થળ | એરિયા (ચો.મી.) | ડીમોલીશન તારીખ | ડીમોલીશન ચાર્જ | અનઅધિકૃત બાંધકામ સબબ કરેલ કાર્યવાહીની વિગત |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૭૯૪ | ભંડારીવાડ, સગરામપુરા | ૧૫૪ | ૧૬/૧૧/૧૮ | ૬૫,૦૦૦ | ગ્રાઉન્ડ ફ્લોર થી પાંચ માળે માર્જીન એરીયામાં આર.સી.સી. સ્લેબ, મેસનરી વર્ક દુર કર્યુ |
| ૨ | ૩ | ૨૬૯૭ / અ/૨, ૨૬૯૭ / ડ /૧, ૪૩૭૧ / અ | સલાબતપુરા | ૦૬ | ૧૭/૧૧/૧૮ | ૪૫,૦૦૦ | પ્રથમ માળે માર્જીન ખુલ્લુ કર્યુ. |
| **કુલ** | | | | **૧૬૦** | | **૧,૧૦,૦૦૦** | |

## :: **પ્રેસનોટ** ::

વિષય : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે ''સ્વસ્થ ભારત યાત્રા''

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ભારત સરકાર દ્વારા "Eat Right India Movement" ના થીમ ઉપર તેમજ કુપોષણ, ખોરાકથી થતી બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે જેવા મુખ્ય ઉદ્દેશ્ય સાથે આયોજીત ''સ્વસ્થ ભારત યાત્રા'' તા.૧૬/૧૦/૨૦૧૮ થી તા.૨૭/૦૧/૨૦૧૯ દરમ્યાન સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરનાર સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં આ સાયકલ યાત્રા તા.૧૯/૧૧/૨૦૧૮ના રોજ દાંડી ખાતે પ્રવેશ કરશે અને તા.૧૨/૧૨/૨૦૧૮ના રોજ પાલનપુર થી રાજસ્થાન તરફ પ્રયાણ કરશે.

''સ્વસ્થ ભારત યાત્રા'' તા.૨૦/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સચીન ખાતે થી પ્રવેશી સુરત શહેરમાં આવનાર છે. દાંડીથી સુરત આવનાર સાયકલીસ્ટોનું પ્રસંગોચિત સ્વાગત કરી પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવશે. ''સ્વસ્થ ભારત યાત્રા'' અંતર્ગત તા. ૨૧/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૭:૩૦ કલાકે શહેરના રમતવીરો, વિવિધ એસોશીએસનના હોદ્દેદારો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, નગરજનોના સથવારે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રભાતફેરી સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતેથી સીમા રો હાઉસ, શિવ શકિત સ્વીટ, ઘોડદોડ રોડ, ઈન્ડોર સ્ટેડીયમ, વીર નર્મદ લાયબ્રેરી ચાર રસ્તાથી જોગીંગ ટ્રેક થઈ સાયન્સ સેન્ટર(સીટીલાઈટ) ખાતે પૂર્ણ થશે. ત્યારબાદ યોગ ટ્રેઈનરો દ્વારા વિવિધ યોગના આસનો તથા અંગ કસરતનું નિર્દશન કરવામાં આવશે.

"Eat Right India Movement" ના વિષય ઉપર સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ ખાતે તા.૨૧/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૧/૧૧/૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સબજીમંડી, સાયન્સ સેન્ટરની સામે, સીટીલાઈટ, સુરત, સ્ટ્રીટ ફુડ હબ, અઠવાગેટ, ચોપાટી, સુરત, તથા નાઈટ બાઝાર (ફુડ પ્લાઝા), પીપોલદ, સુરત ખાતે ફૂડ સેફટી ઓફીસરો દ્વારા "Eat Right India Movement" ના થીમ ઉપર કુપોષણ, ખોરાકથી થતી બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે તે માટે જનજાગૃતિ માટે માર્ગદર્શન આપશે.

તા.૨૨/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૮.૦૦ કલાકે સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ ખાતેથી સાયકલ યાત્રાને આરોગ્ય અને પરિવાર કલ્યાણ, તબીબી શિક્ષણના રાજયકક્ષાના માન.મંત્રીશ્રી, કિશોરભાઈ એસ.કાનાણી, માન.મેયરશ્રી ડો.જગદીશ પટેલ તથા સાંસદશ્રી, ધારાસભ્યોશ્રીઓ તથા મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, મ્યુ.કમિશનરશ્રી, કલેકટરશ્રી તથા અન્ય મહાનુભાવો દ્વારા ફલેગ ઓફ આપી સાયકલીસ્ટોને ભરૂચ તરફ પ્રયાણ કરાવશે. આ સાયકલ યાત્રા સાયન્સ સેન્ટર, સીટીલાઈટ થઈ અણુવ્રત દ્વાર થઈ કેનાલ રોડ પરથી કામરેજ થઈ ભરૂચ જવા રવાના થશે.

**:: ''સ્વસ્થ ભારત યાત્રા'' અંતર્ગત યોજાનાર કાર્યક્રમો ::**

| ક્રમ | તારીખ | સમય | કાર્યક્રમ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨૦/૧૧/૨૦૧૮ | બપોરે ૧૨.૦૦ કલાકે | સાયકલીસ્ટોનું સ્વાગત | સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ |
| ૨ | ૨૦/૧૧/૨૦૧૮ | બપોરે ૧૨.૧૫ કલાકે | સન્માન સમારોહ અને પ્રમાણપત્ર વિતરણ | સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ |
| ૩ | ૨૧/૧૧/૨૦૧૮ | સવારે ૭.૩૦ કલાકે | પ્રભાત ફેરી/ મેરેથોન | સાયન્સ સેન્ટર થી ઈન્ડોર સ્ટેડીયમ થઈ નર્મદ લાયબ્રેરી થઈ,પરત સાયન્સ સેન્ટર. |
| ૪ | ૨૧/૧૧/૨૦૧૮ | સવારે ૯.૦૦ થી ૧૦.૦૦ કલાકે | યોગા અને કસરતનો કાર્યક્રમ. | સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ |
| ૫ | ૨૧/૧૧/૨૦૧૮ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે | "Eat Right India Movement" વિષય પર સેમીનાર | સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ,સીટી લાઈટ રોડ |
| ૬ | ૨૨/૧૧/૨૦૧૮ | સવારે ૮.૦૦ કલાકે | સાયકલ યાત્રાને ફલેગ ઓફથી પ્રયાણ | સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ |

:: **<u>પ્રેસનોટ</u>** ::

વિષય : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે ''સ્વસ્થ ભારત યાત્રા''નું સુરત શહેરમાં આગમન.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ભારત સરકાર દ્વારા "Eat Right India Movement"ના થીમ ઉપર તેમજ કુપોષણ, ખોરાકથી થતી બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે જેવા મુખ્ય ઉદેશ્ય સાથે આયોજીત ''સ્વસ્થ ભારત યાત્રા'' તા.૧૬/૧૦/૨૦૧૮ થી તા.૨૭/૦૧/૨૦૧૯ દરમ્યાન સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરનાર સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં આ સાયકલ યાત્રા તા.૧૯/૧૧/૨૦૧૮ના રોજ દાંડી ખાતે પ્રવેશી હતી. જે તા.૧૨/૧૨/૨૦૧૮ના રોજ પાલનપુર થી રાજસ્થાન તરફ પ્રયાણ કરશે.

તા.૨૦/૧૧/૨૦૧૮ના રોજ સવારે ''સ્વસ્થ ભારત યાત્રા''નું સુરત શહેરમાં આગમન થયું હતું. સુરત મહાનગરપાલિકા અને જીલ્લા વહીવટીતંત્ર, સુરતના સંયુકત ઉપક્રમે દાંડીથી સુરત આવેલ સાયકલીસ્ટોનું ઉષ્માસભર સ્વાગત કરી પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. લોકો સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બને અને દેશ સ્વસ્થ બને તે માટે આયોજીત આ સ્વસ્થ ભારત યાત્રા સ્વાગત કાર્યક્રમમાં માન.મેયરશ્રી ડૉ.જગદીશ પટેલ, ધારાસભ્યશ્રી વિવેકભાઈ પટેલ, કલેકટરશ્રી ડૉ.ધવલ પટેલ, શાસકપક્ષ નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રા, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સભ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ અને સ્વાસ્થ્ય પ્રેમી નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા.

''સ્વસ્થ ભારત યાત્રા'' અંતર્ગત તા.૨૧/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૭:૩૦ કલાકે શહેરના રમતવીરો, વિવિધ એસોશીએસનના હોદેદારો, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, નગરજનોના સથવારે પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવેલ છે. આ પ્રભાતફેરી સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતેથી સીમા રો હાઉસ, શિવ શક્તિ સ્વીટ, ઘોડદોડ રોડ, ઈન્ડોર સ્ટેડીયમ, વીર નર્મદ લાયબ્રેરી ચાર રસ્તા જોગીંગ ટ્રેક થઈ સાયન્સ સેન્ટર(સીટીલાઈટ) ખાતે પૂર્ણ થશે.

"Eat Right India Movement"ના વિષય ઉપર સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ ખાતે તા.૨૧/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સેમીનારનું આયોજન કરવામાં આવેલ છે. તા.૨૧/૧૧/૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સબજીમંડી, સાયન્સ સેન્ટરની સામે, સીટીલાઈટ, સુરત, સ્ટ્રીટ ફુડ હબ, અઠવાગેટ, ચોપાટી, સુરત, તથા નાઈટ બાઝાર (ફુડ પ્લાઝા), પીપોલદ, સુરત ખાતે ફૂડ સેફટી ઓફીસરો "Eat Right India Movement" ના થીમ ઉપર કુપોષણ, ખોરાકથી થતી બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે તે માટે જનજાગૃતિ માટે માર્ગદર્શન આપશે.

તા.૨૨/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૮.૦૦ કલાકે સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ ખાતેથી સાયકલ યાત્રાને ફલેગ ઓફ આપી સાયકલીસ્ટોને ભરૂચ તરફ પ્રયાણ કરાવશે. ''સ્વસ્થ ભારત યાત્રા'' અંતર્ગત યોજાનારા કાર્યક્રમોમાં સહભાગી થવા શહેરીજનોને અપીલ છે.

:: ''સ્વસ્થ ભારત યાત્રા'' અંતર્ગત યોજાનાર કાર્યક્રમો ::

| ક્રમ | તારીખ | સમય | કાર્યક્રમ | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | ૨૧/૧૧/૨૦૧૮ | સવારે ૭.૩૦ કલાકે | પ્રભાત ફેરી/ મેરેથોન | સાયન્સ સેન્ટર થી ઈન્ડોર સ્ટેડીયમ થઈ નર્મદ લાયબ્રેરીથી,પરત સાયન્સ સેન્ટર. |
| ૨ | ૨૧/૧૧/૨૦૧૮ | સવારે ૧૧.૦૦ થી ૧૨.૦૦ કલાકે | "Eat Right India Movement" વિષય પર સેમીનાર | સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ,સીટી લાઈટ રોડ |
| ૩ | ૨૨/૧૧/૨૦૧૮ | સવારે ૮.૦૦ કલાકે | સાયકલ યાત્રાને ફલેગ ઓફથી પ્રયાણ | સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ |

સમાચાર યાદી નં. 575 ,તા.૨૦/૧૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.


wasth


Yatra



## :: પ્રેસનોટ ::

વિષય : 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત જનજાગૃતિ અર્થે શેરી નાટક

રાજયના તમામ શહેરો અને નગરો સ્વચ્છ બને, સમગ્ર દેશ સ્વચ્છ બને અને મહાત્મા ગાંધીજીનું 'સ્વચ્છ ભારત'નું સ્વપ્ન સાકાર કરવા આદરણીય તત્કાલિન મુખ્યમંત્રીશ્રી અને હાલના દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીના જન્મ દિન તા.૦૨/૧૦/૨૦૧૪થી 'સ્વચ્છ ભારત અભિયાન'ની શરૂઆત કરેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા 'સ્વચ્છ ભારત મિશન' અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. સુરત શહેર સ્વચ્છ બને, તેમાં ૧૦૦ ટકા સફાઈ થાય, ઘરે ઘરે કચરો એકત્ર થાય, ઘન કચરાનું સુવ્યવસ્થિત એકત્રીકરણ અને પરિવહન, તેનું વૈજ્ઞાનિક ઢબે નિકાલ થાય તથા નાગરિકોમાં જાગૃતિ લાવવા તા.૧૮/૧૧/૨૦૧૮ના રોજ અઠવાગેટ વનિતા વિશ્રામ ખાતે આયોજીત મેળામાં સ્વચ્છતા અંગેની વિસ્તૃત સમજ આપતું શેરી નાટક ભજવવામાં આવ્યું હતું. જેની મેળામાં ઉપસ્થિત વિશાળ જનસમુદાયે સ્વચ્છતા અંગે માહિતી મેળવી હતી.

સમાચાર યાદી નં. 7 6,તા:૨૦/૧૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.







## :: પ્રેસનોટ ::

વિષય : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે "સ્વસ્થ ભારત યાત્રા"

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ એક ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ભારત સરકાર દ્વારા "Eat Right India Movement" ના થીમ ઉપર તેમજ કુપોષણ, ખોરાકથી થતી બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે જેવા મુખ્ય ઉદ્દેશ્ય સાથે આયોજીત "સ્વસ્થ ભારત યાત્રા" તા.૧૬/૧૦/૨૦૧૮ થી તા.૨૭/૦૧/૨૦૧૯ દરમ્યાન સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરનાર સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજયમાં આ સાયકલ યાત્રા તા.૧૯/૧૧/૨૦૧૮ના રોજ દાંડી ખાતે પ્રવેશ કરશે અને તા.૧૨/૧૨/૨૦૧૮ના રોજ પાલનપુર થી રાજસ્થાન તરફ પ્રયાણ કરશે.

"સ્વસ્થ ભારત યાત્રા" તા.૨૦/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે સચીન ખાતે થી પ્રવેશી સુરત શહેરમાં પ્રવેશી હતી. દાંડીથી સુરત આવનાર સાયકલીસ્ટોનું મા.મેયરશ્રી અને અન્ય મહાનુભાવોએ પ્રસંગોચિત સ્વાગત કરી પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. "સ્વસ્થ ભારત યાત્રા" અંતર્ગત તા. ૨૧/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૭:૩૦ કલાકે એન.સી.સી.કેડેટસ, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, વિવિધ એસોશીએસનના હોદેદારો,નગરજનોના સથવારે આયોજીત પ્રભાતફેરીને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ,ફૂડ અને ડ્રગ્સ વિભાગના ડે.કમિશનર શ્રીમતિ દિપીકાબેન ચૌહાણ, ડે.કમિશનરશ્રી (હે. અને હો.)ડો.આશીષ નાયક તથા અન્ય મહાનુભાવોએ ફલેગ ઓફ આપી શરૂઆત કરાવી હતી.આ પ્રભાતફેરી સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતેથી સીમા રો હાઉસ, શિવ શકિત સ્વીટ, ઘોડદોડ રોડ, ઈન્ડોર સ્ટેડીયમ, વીર નર્મદ લાયબ્રેરી ચાર રસ્તાથી જોગીંગ ટ્રેક થઈ સાયન્સ સેન્ટર(સીટીલાઈટ) ખાતે પૂર્ણ થઈ હતી. ત્યારબાદ યોગ ટ્રેઈનરો દ્વારા વિવિધ યોગના આસનો તથા અંગ કસરતનું નિર્દશન કરવામાં આવ્યું હતું.

"Eat Right India Movement" ના વિષય ઉપર સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ ખાતે તા.૨૧/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે યોજાયેલ સેમીનારનો શુભારંભ સુરત મહાનગરપાલિકા શાસક પક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મિશ્રા,આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી દિગ્વિજયસિંહ બારડ,ફૂડ અને ડ્રગ્સ વિભાગ,ગાંધીનગરના ડે.કમિશનર શ્રીમતી દિપીકાબેન ચૌહાણ,ડે.કમિશનરશ્રી (હે. અને હો.)ડો.આશીષ નાયક તથા અન્ય મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટય કરી સેમીનારની શરૂઆત કરી હતી. સુરત મહાનગરપાલિકા શાસક પક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મિશ્રાએ અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે"સ્વસ્થ ભારત યાત્રા" ના આયોજનનો હેતુ સાર્થક કરવા, સુરતીઓ ખાવાપીવાના શોખીન છે.તેની સાથે તંદુરસ્તી માટે પણ સજાગતા રાખવા આહવાન કર્યુ હતું. ડે.કમિશનરશ્રી (હે. અને હો.)ડો.આશીષ નાયકએ સેમીનારમાં ઉપસ્થિત મહાનુભાવો અને જાહેર જનતાને આવકારતા જણાવ્યું હતું કે આજરોજ સાંજે ૫.૦૦ કલાકે સબજીમંડી, સાયન્સ સેન્ટરની સામે, સીટીલાઈટ, સુરત, સ્ટ્રીટ ફુડ હબ, અઠવાગેટ, ચોપાટી, સુરત, તથા નાઈટ બાઝાર (ફુડ પ્લાઝા), પીપલોદ, સુરત ખાતે ફૂડ સેફટી ઓફીસરો દ્વારા "Eat Right India Movement" ના થીમ ઉપર કુપોષણ, ખોરાકથી થતી બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે તે માટે જનજાગૃતિ માટે માર્ગદર્શન આપવામાં આવશે.

આ પ્રસંગે ફૂડ સુફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા (FSSAI), ન્યુ દિલ્હીના એડી.ડાયરેકટર ડો.સુજાતાસીંગ, (FSSAI), ન્યુ દિલ્હીના એડી.ડાયરેકટરશ્રી અખીલેશ ગુપ્તા,શ્રી ધ્રુવ ચાવડા,શ્રી સંદીપ ચતુર્વેદી વગેરે તજજ્ઞોએ"Eat Right India Movement" ના વિષય ઉપર જાણકારી આપતા તેલ, મીઠું,ખાંડ,વગેરેનો વપરાશ ઓછો કરવા તથા રાંધેલો ખોરાકનો બગાડ અટકાવી વધેલો ખોરાક જરૂરીયાતમંદોને પૂરો પાડવા હાકલ કરી હતી. ઉપરાંત ફરસાણ,રેસ્ટોરન્ટ વગેરેમાં વણવપરાયેલ તેલને એકત્ર કરી "બાયો ડીઝલ" નો ઉપયોગ કરી શકાય તેની સમજણ આપી હતી.અંતમાં શ્રી પીયુષ તિવારીએ"Eat Right India Movement" અંતગર્ત"સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત" ઉપર શપથ લેવડાવ્યા હતા.આ પ્રસંગે ફરસાણ એસોસીએશન, હોટલ એસોસીએશન,સુરત કેમીસ્ટ એન્ડ ડ્રગ્સ એસોસીએશન વગેરેના હોદેદારો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૨/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૮.૦૦ કલાકે સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ ખાતેથી સાયકલ યાત્રા સાયન્સ સેન્ટર, સીટીલાઈટ થઈ અણુવ્રત દ્વાર થઈ કેનાલ રોડ પરથી કામરેજ થઈ ભરૂચ તરફ જવા રવાના થશે.

સમાચાર યાદી નં.૫૭૭,તા.૨૧/૧૧/૨૦૧૮, જનસંપર્ક વિભાગ, સુરત મહાનગરપાલિકા તરફથી સાદર.








Eat Right India
Swasth
Bharat
Yatra


SURAT






Swasth
Bharat
Yatra

## :: **પ્રેસનોટ** ::

વિષય : રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણી નિમિત્તે ''સ્વસ્થ ભારત યાત્રા''

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ ઉજવણીના ભાગરૂપે ફુડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડિયા, ભારત સરકાર દ્વારા "Eat Right India Movement" ના થીમ ઉપર તેમજ કુપોષણ, ખોરાકથી થતી બિમારીઓને નાથવા માટે સ્વસ્થ ખોરાક મળી રહે જેવા મુખ્ય ઉદ્દેશ્ય સાથે આયોજીત ''સ્વસ્થ ભારત યાત્રા'' તા.૧૬/૧૦/૨૦૧૮ થી તા.૨૭/૦૧/૨૦૧૯ દરમ્યાન સમગ્ર ભારતમાં પરિભ્રમણ કરનાર સાયકલ યાત્રાનું આયોજન કરવામાં આવેલ છે.

ગુજરાત રાજયમાં આ''સ્વસ્થ ભારત યાત્રા'' તા.૧૯/૧૧/૨૦૧૮ના રોજ દાંડી ખાતે પ્રવેશી તા.૨૦/૧૧/૨૦૧૮ના રોજ સવારે સચીન થઈ સુરત શહેરમાં આવી હતી. દાંડીથી સુરત આવેલ સાયકલીસ્ટોને માન.મેયરશ્રી અને અન્ય મહાનુભાવોએ પ્રસંગોચિત્ત સ્વાગત સાથે પ્રમાણપત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. તા. ૨૧/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૭:૩૦ કલાકે એન.સી.સી.કેડેટ્સ, શાળા કોલેજના વિદ્યાર્થીઓ, વિવિધ એસોશીએસનના હોદ્દેદારો, નગરજનોના સથવારે 'ઈટ રાઈટ ઈન્ડિયા' થીમ પર 'ઈટ હેલ્થી', 'ઈટ સેફટી', 'ઈટ ફોર્ટીફાઈડ', અને 'નો ફૂડ વેસ્ટ' સુત્રને અનુસરવા જનજાગૃતિ અર્થે આયોજીત પ્રભાતફેરીને સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ફૂડ અને ડ્રગ્સ વિભાગના ડે.કમિશનર શ્રીમતિ દિપીકાબેન ચૌહાણ, ડે.કમિશનરશ્રી(હે. અને હો.)ડૉ.આશીષ નાયક તથા અન્ય મહાનુભાવોએ ફલેગ ઓફ આપી શરૂઆત કરાવી હતી. આ પ્રભાતફેરી સાયન્સ સેન્ટર, સીટીલાઈટ રોડ, સુરત ખાતેથી સીમા રો હાઉસ, શિવ શકિત સ્વીટ, ઘોડદોડ રોડ, ઈન્ડોર સ્ટેડીયમ, વીર નર્મદ લાયબ્રેરી ચાર રસ્તાથી જોગીંગ ટ્રેક થઈ સાયન્સ સેન્ટર(સીટીલાઈટ) ખાતે પૂર્ણ થઈ હતી. ત્યારબાદ યોગ ટ્રેઈનરો દ્વારા વિવિધ યોગના આસનો તથા અંગ કસરતનું નિર્દશન કરવામાં આવ્યું હતું.

તા.૨૧/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૧૧.૦૦ કલાકે સાયન્સ સેન્ટર ઓડીટોરીયમ ખાતે "Eat Right India Movement"ના વિષય ઉપર સેમીનારનો શુભારંભ સુરત મહાનગરપાલિકા શાસક પક્ષના નેતાશ્રી ગીરીજાશંકર મિશ્રા, આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી દિગ્વિજયસિંહ બારડ, ફૂડ અને ડ્રગ્સ વિભાગ,ગાંધીનગરના ડે.કમિશનર શ્રીમતી દિપીકાબેન ચૌહાણ, ડે.કમિશનરશ્રી(હે.અને હો.)ડૉ.આશીષ નાયક તથા અન્ય મહાનુભાવોના હસ્તે દીપ પ્રાગટ્યથી કરવામાં આવ્યો હતો. ડે.કમિશનરશ્રી(હે. અને હો.)ડૉ.આશીષ નાયકએ સેમીનારમાં ઉપસ્થિત મહાનુભાવો અને જાહેર જનતાને આવકારતાં લગ્ન સમારંભ, હોટેલ્સ, જાહેર મેળાવડા વિગેરેમાં બનતા ભોજનનો બગાડ ન થાય તેમજ સમાજના ગરીબ વર્ગને આ ખોરાક યોગ્ય ચેનલથી પહોંચાડવા પ્રયાસ કરવા અપીલ કરી હતી. સુરત મહાનગરપાલિકા શાસક પક્ષના નેતાશ્રી ગિરિજાશંકર મિશ્રાએ અધ્યક્ષ સ્થાનેથી સંબોધન કરતા જણાવ્યું હતું કે, સમગ્ર ભારતમાં આ યાત્રા વિવિધ સ્થળોએથી શરૂ થઈને ૧૮ હજાર કિ.મી.નું ભ્રમણ કરીને નવી દિલ્હી ખાતે સંપન્ન થશે. ''સ્વસ્થ ભારત યાત્રા''ના આયોજનનો હેતુ છેવાડાના માનવીને પણ સ્વસ્થ, સ્વચ્છ, પોષણયુકત ખોરાક મળી રહે તે છે. ખાવાના શોખીન સુરતીઓને યોગ અને કસરત સાથે તંદુરસ્તી માટે પણ સજાગતા રાખવા સિઝનલ ફ્રૂટ્સ તથા શાકભાજીનો વધુ ઉપયોગ કરવા આહ્વાન કર્યું હતું. આ પ્રસંગે ફૂડ સેફટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરીટી ઓફ ઈન્ડીયા (FSSAI), ન્યુ દિલ્હીના એડી. ડાયરેકટર ડૉ.સુજાતાસીંગ,(FSSAI), ન્યુ દિલ્હીના એડી.ડાયરેકટરશ્રી અખિલેશ ગુપ્તા, શ્રી ધ્રુવ ચાવડા, શ્રી સંદીપ ચતુર્વેદી વગેરે તજજ્ઞોએ "Eat Right India Movement"ના વિષય ઉપર જાણકારી આપતા તેલ, મીઠું, ખાંડ વગેરેનો વપરાશ ઓછો કરવા તથા રાંધેલા ખોરાકનો બગાડ અટકાવી વધેલો ખોરાક જરૂરીયાતમંદોને પૂરો પાડવા હાકલ કરી હતી. ઉપરાંત ફરસાણ, રેસ્ટોરન્ટ વગેરેમાં વણવપરાયેલ તેલને એકત્ર કરી "બાયો ડીઝલ"નો ઉપયોગ કરી શકાય તેની સમજણ આપી હતી. અંતમાં શ્રી પીયુષ તિવારીએ "Eat Right India Movement" અંતર્ગત"સ્વચ્છ ભારત, સ્વસ્થ ભારત" ઉપર શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે ફરસાણ એસોસીએશન, હોટલ એસોસીએશન, સુરત કેમીસ્ટ એન્ડ ડ્રગ્સ એસોસીએશન વગેરેના હોદ્દેદારો સહિત નગરજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

તા.૨૧/૧૧/૨૦૧૮ના રોજ સાંજે ૫.૦૦ કલાકે સબજીમંડી, સાયન્સ સેન્ટરની સામે, સીટીલાઈટ, સુરત, સ્ટ્રીટ ફુડ હબ, અઠવાગેટ, ચોપાટી, સુરત, તથા નાઈટ બાઝાર (ફુડ પ્લાઝા), પીપલોદ, સુરત ખાતે ફૂડ સેફટી ઓફીસરો દ્વારા "Eat Right India Movement" ના થીમ ઉપર ગ્રાહકોને કેવું ફુડ આપવું ? વિવિધ બિમારીઓથી મુકત થવા કેવા ખોરાકનો ઉપયોગ કરવો ? લોકોને સ્વસ્થ, સમતોલ અને આરોગ્યપ્રદ ખોરાક લેવા સાથે ખોરાકનો બગાડ નહિં કરવા જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તા.૨૨/૧૧/૨૦૧૮ના રોજ સવારે ૮.૦૦ કલાકે સાયન્સ સેન્ટર,સીટી લાઈટ રોડ ખાતેથી સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ ગોપલાણી, મ્યુનિ.કમિશનરશ્રી એમ.થેન્નારસન, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી રશ્મિકાબેન પટેલ, ડે.કમિશનરશ્રી(હે.અને હો.)ડૉ આશિષ નાયક, ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગના આસી.કમિશનરશ્રી આર. એમ.પટેલ,

એડી.સીટી ઈજનેરશ્રી આશિષ દુબે, આસી.મ્યુનિ.કમિશનરશ્રી જયેશ ગાંધી અને અન્ય મહાનુભાવોએ બેટન અને ફલેગ ઓફ આપી ''સ્વસ્થ ભારત સાયકલ યાત્રા''ને પ્રયાણ કરાવવામાં આવી હતી. જે સીટીલાઈટ, અણુવ્રત દ્વાર થઈ કેનાલ રોડ પરથી કામરેજ થઈ ભરૂચ તરફ જવા રવાના થઈ હતી.


Bharat
Yatra
20th




Swasth
Bharat
Yatra

# પ્રેસનોટ

## 'તાપી નદી શુધ્ધિકરણ માસ્ટર પ્લાન'

સુરત શહેરનો એકમાત્ર પીવાના પાણીનો સ્ત્રોત તાપી નદી છે. સુરત શહેરના પાછલા ૪૦ વર્ષોના અસાધારણ ઔધોગિક વિકાસના પરિણામે શહેરની વસ્તી તથા વિસ્તારમાં આશરે ૪ ગણો વધારો થયો છે અને શહેરની વસ્તી આજે અંદાજે ૫૫ લાખની સંખ્યા પણ વટાવી ચુકી છે. સુરત શહેરના અભુતપૂર્વ વિકાસના ફળસ્વરૂપે તેની આસપાસના અનેક વિસ્તારોમાં નવા ઔધોગિક એકમો સ્થપાયા છે તથા માનવ વસ્તીમાં પણ ખાસ્સો વધારો થયો છે. કાંકરાપાર વિયરથી ONGC બ્રીજ સુધીનાં વિસ્તારમાં અનેકવિધ ઉધોગોને પરિણામે વિકસેલ/વિકસી રહેલ વિસ્તારોમાંથી વપરાશનું મેલું પાણી તથા કેટલેક ઠેકાણેથી ઔધોગિક વપરાશનાં પાણીને પણ નિર્ધારીત ટ્રીટમેન્ટ કર્યા વગર તાપી નદીમાં સીધે સીધું છોડવામાં આવી રહયું છે, જે તાપી નદીનાં પાણીની ગુણવત્તા ઉપર સીધેસીધી વિપરીત અસરો કરે છે તથા ભવિષ્યમાં આ પ્રકિયા શહેર તથા આસપાસના વિસ્તારનાં પીવાનાં પાણીનાં સ્ત્રોતની ગુણવત્તા સંદર્ભે લાલબત્તી સમાન જણાય છે.

સુરત શહેરની મુલાકાત દરમ્યાન મા. મુખ્યમંત્રીશ્રીએ આ પરિસ્થિતિને વખોડી, આ સમસ્યાને ગંભીર ખતરારૂપ હોવાનું જણાવી, તેના લાંબાગાળાના ઉકેલ માટે સુગઠિત આયોજન કરવા સુચના આપેલ, જેના અનુસંધાનમાં સુરત મહાનગરપાલિકા દ્વારા કાંકરાપાર વિયરથી શરૂ કરીને ONGC બ્રીજ સુધી (તાપી નદીનાં અરબી સમુદ્ર સાથે મિલનનું અંદાજીત સ્થળ) ના સમગ્ર ભાગ માટે રૂા. ૯૪૧.૭૫ કરોડનાં અંદાજીત ખર્ચનાં Master Plan તૈયાર કરવામાં આવ્યો છે. સદર Master Plan હેઠળ, (૧) કાંકરાપાર વિયરથી સુડાની હદ શરૂ થાય ત્યાં સુધીનો વિસ્તાર (૨) સુડા વિસ્તાર અને (૩) સુરત મહાનગરપાલિકાનો વિસ્તાર એમ, કુલ–૩ અલગ અલગ વિસ્તારો માટેનો સંકલિત Master Plan તૈયાર કરવામાં આવેલ, જે પૈકી સુરત મહાનગરપાલિકાનાં અંશતઃ વિસ્તાર તથા સુડાનાં વિસ્તારોને આવરી લેતો પ્રથમ તબકકાનો અંદાજે રૂા.૪૦૮ કરોડનાં ખર્ચનો પ્રથમ તબકકાનો DPR રાજય સરકારશ્રી મારફતે કેન્દ્ર સરકારશ્રી હસ્તકની સંસ્થા NRCP સમક્ષ ગ્રાંટ મેળવવા માટે સાદર કરવામાં આવેલ છે.

આ પ્રથમ તબકકાના DPR હેઠળ વાલક ખાતેની ખાડી કે, જેમાંથી અંદાજે ૯૬ એમ.એલ.ડી. (મિલીયન લીટર પ્રતિ દિન) અને વરાછા ખાડી કે, જેમાંથી અંદાજે ૬૬ એમ.એલ.ડી. જેટલું ગંદુ પાણી તાપી નદીમાં ભળે છે. આ બંને ખાડીને ઈન્ટરસેપ્ટ કરી, તેના પાણીને મીઠીખાડીમાં ડાયવર્ટ કરી, દરિયામાં મોકલવાનું આયોજન છે. જેને માટે જરૂરી આર.સી.સી. પાઈપ લાઈન લેઈંગ, પંપીંગ સ્ટેશન, એમ.એસ. રાઈઝીંગ મેઈન વિગેરે કામોએ કુલ્લે અંદાજીત ૩૨ કરોડ જેટલી રકમના ચાર ટેન્ડરો સુરત મહાનગરપાલિકા ધ્વારા મંજુર કરાવી કામગીરી શરૂ કરવામાં આવેલ છે. જે પૈકી હાલ (૧) વરાછા ખાડીથી મીઠીખાડી સુધી ૧૮૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી.ડબલ પાઈપ લાઈન નાંખવાની કામગીરી પૈકી સિંગલ પાઈપ લાઈનની કામગીરી પૂર્ણ કરી વરાછા ખાડીમાં ઉપરવાસમાંથી આવતુ પ્રદુષિત પાણી મીઠીખાડીમાં ડાયવર્ટ કરવામાં આવેલ છે અને બાકીની એક લાઈનની કામગીરી પ્રગતિ હેઠળ છે. (૨) વાલક ખાડીથી વાલક સુએઝ પમ્પીંગ સ્ટેશન સુધી ૧૮૦૦ મી.મી. વ્યાસની કુલ–૭૫૦ મી. આર.સી.સી. પાઈપ લાઈન પૈકી ૨૮૦ મી. જેટલી પાઈપ લાઈન નાંખવામાં આવેલ છે અને બાકીની કામગીરી ડીસેમ્બર–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે. (૩) વાલક ખાડીમાંથી આવતા પાણીને પમ્પીંગ કરી વરાછા ખાડી સુધી ડાયવર્ટ કરવાના કામે કુલ ૨૪૦૦ મી. પૈકી ૭૦૦ મી.

જેટલી ૧૨૧૯ મી.મી. વ્યાસની એમ.એસ. રાઈઝીંગ મેઈન નાંખવાની કામગીરી પૂર્ણ થયેલ છે અને બાકી રહેલ કામગીરી હાલમાં પ્રગતિ હેઠળ છે. (૪) વાલક સુએઝ પમ્પીંગ સ્ટેશન બનાવવાની કામગીરી હાલ પ્રગતિ હેઠળ છે અને આ પમ્પીંગ સ્ટેશનના વેલમાં હંગામી ધોરણે પમ્પીંગની વ્યવસ્થા કરી તેને વરાછા ખાડીમાં ડાયવર્ટ કરવાની કામગીરી ડીસેમ્બર–૨૦૧૮ સુધીમાં પૂર્ણ કરવામાં આવનાર છે.

હાલ વરાછા ખાડીને મીઠીખાડી સાથે જોડવા માટે અંદાજે ૪૩૦૦ રનીંગ મીટર લંબાઈમાં, આ ૧૮૦૦ મી.મી. વ્યાસની આર.સી.સી. ડબલ પાઈપ લાઈન, ૯૦ મીટરના સૂચિત આઉટર રીંગરોડ પર નાંખવામાં આવી રહી છે. સાથોસાથ, 'સુડા' ધ્વારા આ આઉટર રીંગરોડ પર ખેતરોના કબજાઓ મેળવી, ડિમાર્કેશન કરી આપવામાં આવી રહયુ છે.

આ ચારેય પ્રકલ્પો પૂર્ણ થયેથી, વાલક તથા વરાછા ખાડી ખાતેથી તાપી નદીમાં ભળતા અંદાજે ૧૬૬ એમ.એલ.ડી. જેટલા ગંદા પાણીને મીઠીખાડી મારફતે દરિયા તરફ ડાયવર્ટ કરી દેવામાં આવશે, જેને લીધે તાપી નદીના રો વોટરની ગુણવત્તા બગડતી અટકશે.

આગામી વર્ષોમાં તાપી નદીના કિનારા પરના 'સુડા' ના અન્ય વિસ્તારો તથા કામરેજ ગામથી આગળ કાંકરાપાર સુધીના અંદાજે ૨૬ જેટલા ગામડાઓ કવર કરી તેની સુગઠિત ડ્રેનેજ યોજના બનાવી તબકકાવાર કામગીરી હાથ ધરીને તાપી નદીમાં ભળતું ગંદુ પાણી રોકવામાં આવશે.

તાપી શુધ્ધિકરણ યોજના હેઠળના સુરત મહાનગરપાલિકા વિસ્તાર, 'સુડા' વિસ્તાર તથા તેના ઉપરવાસના રાજય સરકાર વિસ્તારના કામો સુરત મહાનગરપાલિકા ધ્વારા નોડલ એજન્સી તરીકે NRCP ની ગ્રાંટ મેળવીને કરાવવામાં આવનાર છે.

# સુરત મહાનગરપાલિકા
# જાહેર આરોગ્ય સંચાલિત માર્કેટ વિભાગ
## <u>પ્રેસનોટ</u>

આથી, સુરત શહેર વિસ્તારમાં જાનવરોનું માંસનું વેચાણ કરતાં તમામ ધંધાદારી ઈસમોને જણાવવામાં આવે છે કે, આગામી તા.૨૫/૧૧/૨૦૧૮ ના રવિવારના દિવસે "સાધુ વાસવાણી જન્મ જયંતિ" મીટલેસ ડે ની ઉજવણી પ્રસંગે સુરત મહાનગરપાલિકા સંચાલિત તમામ કતલખાના બંધ રહેશે.

આ ઉપરાંત સુરત મહાનગરપાલિકાના હદ વિસ્તારમાં મટન, મચ્છી તથા જીવીત પશુ–પક્ષીઓની કતલ તથા વેચાણ કરતાં ઈસમોને તા.૨૫/૧૧/૨૦૧૮ ના દિવસે તેમનો વ્યવસાય બંધ રાખી તેનો ચુસ્તપણે અમલ કરવાં સરકારશ્રી તરફથી અનુરોધ કરેલ હોય જેને સર્વે સંબંધ કરતાંઓને ચુસ્તપણે અમલ કરવા આદેશ અનુસાર જણાવવામાં આવે છે.

**-: પ્રેસ નોટ:-**

## સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત ૧૦૯૧,૩૨૧જેટલા બાળકોની આરોગ્ય તપાસણી નું કાર્ય પ્રગતિ હેઠળ

ગુજરાત રાજ્યના બાળકોના સ્વાસ્થ્યને સંદર્ભે મહત્વાકાંક્ષી એવા શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા તા. ૨૭/૧૧/૨૦૧૮ થી તા. ૦૧/૦૨/૨૦૧૯ દરમ્યાન શાળા આરોગ્ય સપ્તાહ સ્વરૂપે શાળા આરોગ્ય કાર્યક્રમ ચાલુ કરવામાં આવેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી /બાલવાડીના તમામ બાળકો , ધોરણ ૧ થી ૧૨મા અભ્યાસ કરતા વિધાર્થીઓ, શાળાએ ન જતા ૧૮ વર્ષ સુધીના તમામ બાળકો , આશ્રમ શાળાના વિધાર્થીઓ , ચિલ્ડ્રન હોમ / અનાથાશ્રમના બાળકો, અને પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ મદ્રેસાઓ વિગેરીના બાળકોની આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે.

નાના બાળકોમા થતી સામાન્ય બિમારીઓ જેવી કે , એનેમીયા, આંત્ર કૃમિ , રતાંધણાપણુ, દ્રષ્ટીની ખામી, નાક કાન અને ગળાના રોગો, ચામડીના રોગો, જેવી બિમારીઓનુ શાળા કક્ષાએ નિદાન કરી જરૂરી સારવાર આપવામા આવે છે. શાળા આરોગ્ય સપ્તાહના કાર્યક્રમમા બાળકોને સ્વછતા કેળવવા , બાળ પ્રતિભાનુ વિકાસ કરવા તેમજ બાળકોમા રહેલી આવડતને બાહર લાવવા મંચ પૂરૂ પાડવા, વૃક્ષા રોપણ દ્વારા પ્રદુષણ સામે રક્ષણ મેળવવા, આરોગ્ય લક્ષી પ્રદર્શન દ્વારા રોગોથી બચવાના આગોતરા ઉપાય કરવાના શિક્ષણ દ્વારા બાળકોને સમાજોપયોગી કાર્યનુ શિક્ષણ આપવામા આવે છે. દાદા દાદી મીટીંગ , વાલી મીટીંગ, આરોગ્ય લક્ષી પ્રદર્શનઅંતર્ગત બાળકોને આરોગ્ય લક્ષી શિક્ષણ આપવામા આવે છે.

શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત બાળકોની આરોગ્ય તપાસણી દરમ્યાન મળી આવતા હૃદય , કીડની, કેન્સર જેવા ગંભીર બિમારી વાળા બાળકોને ઓપરેશન સહિતની તમામ સારવાર વિનામૂલ્યે પૂરી પાડવામા આવે છે. આ ઉપરાંત કીડની ટ્રાંસપ્લાન્ટ, લીવર ટ્રાંસપ્લાન્ટ, બોર્ન મેરો ટ્રાંસપ્લાન્ટ, ૭૭૭૭જેવી અતિ ખર્ચાળ સારવાર પણ વિના મૂલ્યે પૂરી પાડવામા આવે છે. રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ હેઠળ સમગ્ર વર્ષ દરમ્યાન બાળકોના સ્વાસ્થ્યની કાળજી લેવા માટે ડેડીકેટેડ મોબાઈલ હેલ્થ ટીમની ફાળવણી કરવામા આવેલ છે , આ ટીમો દ્વારા ૪-ડી(બર્થ ડીફેક્ટ , ડીસીસ, ડેફીસીયંસીતેમજ ડેવેલેપમેન્ટલ ડીલે અને ડેફીસીયંસી) મુજબ બાળકોના રોગોની શ્રેણી નક્કી કરી સારવાર માટેના વિશેષ કેંદ્રો ઉપર મોકલી અધતન સારવાર આપવામા આવે છે.

વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા સરકારી અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિકશાળાઓ મળી કુલ-૨૬૭૩ શાળાઓ અને ૧૧૫૦ જેટલી બાલવાડી તથા આંગણવાડી મળી શહેરની કુલ- <u>૩૮૨૩ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના અંદાજીત ૧૦ ,૯૧,૩૨૧ (દસ લાખ એકાણું હજાર ત્રણસો એક્વીસ) જેટલા બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવારનો લક્ષ્યાંક નક્કી કરવામા આવેલ છે.</u> જે કાર્ય સુરત મહાનગરપાલિકાના કુલ – ૪૨ શહેરી આરોગ્ય કેંદ્ર ઉપર્થી ૧૩૨ જેટલી ટીમો દ્વારા કાર્યક્રમના નિયત સમય દરમ્યાન પૂર્ણ કરવામા આવશે.

૫૮૨

# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૨૬/૧૧/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૦૯ દુધના નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં | સંસ્થાનુ નામ અને સરનામુ | લીધેલ નમુના |
|---|---|---|
| ૧. | સુરત ડીસ્ટ્રીકટ કો.ઓ. પ્રોડયુસર યુનિયન લી.<br>સુમુલ ડેરી રોડ, સુરત | અમુલ શકિત મિલ્કી મિલ્ક પાશ્ચુરાઈઝડ સ્ટાન્ડર્ડાઈઝ દુધ<br>અમુલ ગોલ્ડ પાશ્ચુરાઈઝડ ફુલ ક્રીમ મીલક |
| ૨. | ચોર્યાસી તાલુકા દુધ વેચાણ કરનારી સહકારી મંડળી લી.<br>અંબાજી રોડ, સુરત | ભેંસનુ દુધ |
| ૩. | ચોર્યાસી ડેરી<br>ચોર્યાસી ડેરીની પાછળ, મહાદેવ મંદિર પાસે, સુરત | ભેંસનુ દુધ |
| ૪. | પરશુરામ ડેરી<br>મોરાભાગળ ચાર રસ્તા, રાંદેર રોડ, સુરત | ભેંસનુ દુધ |
| ૫. | મોહમંદ આરીફ મોહમંદ છીપા<br>આજણાં મેઈન રોડ, સુરત | ગાયનું દુધ |
| ૬. | અમિત શુકલા<br>અક્ષર કોમ્પલેક્ષ, રોડ નં–૦, ઉધના, સુરત | સતપાલ હોંમોનાઈઝ પાશ્ચુરાઈઝડ ટોન્ડ મીલ્ક |
| ૭. | સુરભી ડેરી<br>પ્રાઈમ આર્કેડ, અડાજણ, સુરત | ભેંસનુ દુધ<br>ભેંસનુ દુધ |

# <u>પ્રે સ નો ટ</u>

સવિનય, ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પીટલ) તથા ડેઝીગ્નેટેડ ઓફિસરની સુચના તથા સીધા માર્ગદર્શન હેઠળ સુરત શહેર વિસ્તારમાં આવેલ નીચે જણાવેલ સંસ્થાઓની તા.૨૭/૧૧/૨૦૧૮નાં રોજ અત્રેનાં ફુડ સેફટી ઓફિસરો ધ્વારા સ્થળ તપાસ કરી સંસ્થાઓમાંથી કુલ–૦૯ નીરાના નમુનાઓ લઈ પૃથ્થકરણ સારૂં લેબોરેટરીમાં મોકલાવેલ છે, જેનો રીપોર્ટ આવ્યેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.

| અ.નં | સંસ્થાનુ નામ અને સરનામુ |
|---|---|
| ૧. | શ્રી ચોર્યાસી અને ઓલપાડ તાલુકા નીરા અને તાડગોળ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>નીરાભવન, સ્ટેશન રોડ, સુરત |
| ૨. | શ્રી ચોર્યાસી અને ઓલપાડ તાલુકા નીરા અને તાડગોળ ઉત્પાદક સહકારી મંડળી લી.<br>ચોક બજાર રોડ, સુરત |
| ૩. | નુતન ગ્રામોધ્યોગ મંડળ લાજપોર<br>નવયુગ કોલેજ સામે, સુરત |
| ૪. | નુતન ગ્રામોધ્યોગ મંડળ લાજપોર<br>કોટસફીલ રોડ, સુરત |
| ૫. | નુતન ગ્રામોધ્યોગ મંડળ લાજપોર<br>કાંસકીવાડ મેઈન રોડ, સુરત |
| ૬. | નુતન ગ્રામોધ્યોગ મંડળ લાજપોર<br>સબજેલ પાસે, રીંગરોડ, સુરત |

# –:: પ્રેસનોટ ::–

તા.૨૭–૧૧–૨૦૧૮ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની સંખ્યા કુલ | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં આવેલ કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા કાચા – પાકા કુલ પાનના ગલ્લાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂ.માં |
|---|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૩૫ | ૨૦ | ૧૭ | ૧૭ | ૩૪૦૦ |
| વરાછા | ૭૧ | ૬૮ | ૫૫ | ૫૫ | ૧૧૦૦૦ |
| રાંદેર | ૫૯ | ૪૫ | ૪૫ | ૨૨ | ૪૪૦૦ |
| કતારગામ | ૬૨ | ૪૩ | ૩૧ | ૩૧ | ૬૨૦૦ |
| ઉધના | ૧૭૨ | ૨૮ | ૧૫ | ૧૫ | ૩૦૦૦ |
| લિંબાયત | ૩૧ | ૪૪ | ૧૯ | ૧૯ | ૩૮૦૦ |
| અઠવા | ૭૬ | ૩૬ | ૧૮ | ૧૮ | ૩૬૦૦ |
| કુલ | ૫૦૬ | ૨૮૪ | ૨૦૦ | ૧૭૭ | ૩૫૪૦૦ |

**-: પ્રેસ નોટ :-**

**શાળા આરોગ્ય તપાસણી કાર્યક્રમ-૨૦૧૮-૧૯ અંતર્ગત સુરત મહાનગરપાલિકા દ્વારા ૧૦,૯૧,૩૨૧ બાળકોની આરોગ્ય તપાસણીના કાર્યનો શુભારંભ**

સુરત મહાનગરપાલિકા દ્વારા શાળા આરોગ્ય કાર્યક્રમ અંતર્ગત આંગણવાડીના બાળકો, ધોરણ ૧ થી ૧૨ મા અભ્યાસ કરતા ખાનગી અને સરકારી શાળાઓના ૧૮ વર્ષની ઉમર સુધીના બાળકો, નવજાત શિશુથી ૧૮ વર્ષની ઉમર સુધીના શાળાએ ન જતા તમામ બાળકો, આશ્રમ શાળા, વિશેષ શાળાના બાળકો, જુવેનાઇલ હોમના બાળકો, તેમજ પરંપરાગત ધાર્મિક શિક્ષણ આપતી સંસ્થાઓ અને અન્ય સંસ્થાના તમામ બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવાર કરવામા આવે છે. શાળા આરોગ્ય કાર્યક્રમ ૨૦૧૭-૧૮, આગામી તા. ૨૭/૧૧/૨૦૧૮ થી તા. ૦૧/૦૨/૨૦૧૯ દરમ્યાન અમલમા લાવવાનુ રાજ્ય સરકાર દ્વારા નક્કી કરવામા આવેલ છે.

આ કાર્યક્રમનો ઉદઘાટન સમારોહ આજ રોજ સુરત મહાનગરપાલિકાના ડેપ્યુટી કમિશનરશ્રી (હેલ્થ અને હોસ્પીટલ)ડો. આશિષ નાયક ની સૂચનાથી નગર પ્રાથમિક શિક્ષણ સમિતી સંચાલિત ડો.સર્વપલ્લી રાધાકૃષ્ણન નગર પ્રાથમિક શાળા ક્ર. -૮૪, કૃષ્ણ કુંજ સોસાયટી , અડાજણ, સુરત ખાતે આયોજિત કરવામા આવ્યો હતો, જેમા આરોગ્ય સમિતીના ચેરમેન શ્રી દિગ્વીજયસિંહ બારડ, મ્યુ. સદસ્ય શ્રી અનિલભાઈ બિસ્કીટવાલા, શિક્ષણ સમિતીના સભ્ય શ્રી મેહુલભાઈ ઠાકર અને ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદીપ ઉમરીગર, ઈ.ચા. નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો. ચેતન ચોકસી, મેડીકલ ઓફિસરશ્રી ડો. દિનેશ પટેલ, ડો. દેબાશિષ દાસ, ડો.દક્ષાબેન પટેલ, ડો.ધ્વનીબેન પટેલ તેમજ શાળાના આચાર્યા શ્રીમતી તૃપ્તીબેન કાનાંણી તેમજ આરોગ્ય વિભાગના કર્મચારીઓ, આંગણવાડીની બહેનો, શાળાનો શિક્ષક ગણ, શાળા આરોગ્ય તપાસણીની ડોક્ટરોની ટીમ તેમજ આ કાર્યક્રમના લાભાર્થી વિધાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત નગર પ્રાથમિક શાળા ક્ર. -૮૪ ના વિધાર્થીઓએ પ્રાર્થના ગીત તથા સ્વાગત ગીત દ્વારા કર્યુ હતુ, ત્યાર બાદ ઉપસ્થિત મહાનુભાવોનુ પુષ્પ ગુચ્છ આપી સ્વાગત કરવામા આવ્યુ હતુ. મહાનુભાવો દ્વારા શાળાના પટાંગણ ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ પણ કરવામાં આવ્યો હતો.

સ્વાગત પ્રવચન કરતા ઈ.ચા.આરોગ્ય અધિકારીશ્રી ડો. પ્રદીપ ઉમરીગરએ પોતાના વકતવ્યમા જણાવ્યુ હતુ કે, વર્ષ ૨૦૦૪-૦૫ થી રાજ્ય સરકાર દ્વારા હાલના શાળા આરોગ્ય કાર્યક્રમ સફળતા પૂર્વક અમલમા લાવવામા આવી રહ્યો છે, વર્ષ ૨૦૧૮-૧૯ દરમ્યાન શાળા આરોગ્ય કાર્યક્રમ હેઠળ સુરત મહાનગરપાલિકા દ્વારા સરકારી અને ખાનગી પ્રાથમિક તેમજ માધ્યમિકશાળાઓ મળી કુલ-૨૬૭૩ શાળા અને ૧૧૫૦ જેટલી બાલવાડી તથા આંગણવાડી મળી શહેરની કુલ -૩૮૨૩ જેટલી શૈક્ષણિક સંસ્થાઓના ૧૦,૯૧,૩૨૧ (દસ લાખ એકાણું હજાર ત્રણસો એકવીસ) જેટલા બાળકોની વિના મૂલ્યે આરોગ્ય તપાસ અને સારવારનો લક્ષ્યાંક નક્કી કરવામા આવેલ છે .જે કાર્ય સુરત મહાનગરપાલિકાના કુલ ૪૨ શહેરી આરોગ્ય કેંદ્ર ઉપરથી ૧૩૨ આરોગ્ય ટીમો દ્વારા કરવામાં આવશે.

પોતાના ઉદબોધનમાં આરોગ્ય સમિતિ ના ચેરમેન શ્રી દિગવીજય સિંહ બારડ સાહેબ દ્વારા જણાવવામાં આવેલ કે, ગુજરાત સરકાર અને સુરત મહાનગરપાલિકા દ્વારા હંમેશા નાગરીકોના સ્વાસ્થ્યની કાળજી લેવામાં આવે છે. આ શાળા આરોગ્ય કાર્યક્રમ થકી ૧૮ વર્ષની ઉમર સુધીના તમામ બાળકોના આરોગ્યની કાળજી લેવાનું અને જરूર જણાય વિનામૂલ્યે સારવાર આપવાનું ભગીરથ કાર્ય સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવી રહ્યું છે જેનો લાભ લેવા શહેરના તમામ વાલીઓ ને હાર્દિક અપીલ છે.

જન સંપર્ક વિભાગ .
સુરત મહાનગર સેવા સદન તરફથી સાદર.
સમાચાર યાદી નં ......૫૮૫.........-
૨૭/૧૧/૨૦૧૮



# સુરત મહાનગરપાલિકા

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચોથા વર્ગની બેલદાર, બેલદાર (વી.બી.ડી.સી.), સફાઈ કામદાર (ડ્રેનેજ) તથા સફાઈ કામદારોની જગ્યાઓ માટે પ્રેકટીકલ ટેસ્ટ લેવામાં આવી રહી છે. આ પ્રેકટીકલ પરીક્ષા માટે ઉચ્ચ અધિકારીઓના નિયંત્રણ હેઠળ ઝોનવાઈઝ કમિટિ બનાવવામાં આવેલ છે અને તેઓ ધ્વારા નિયત કરેલ માપદંડને આધારે જ માર્કીગ કરી મેરીટ લીસ્ટ બનાવવામાં આવનાર છે. આમ, પસંદગીની પ્રક્રિયા સંપુર્ણ પારદર્શક રીતે કરવામાં આવશે. તેમ છતાં કેટલાક વ્યકિત / લેભાગુ તત્વો ધ્વારા ઉપરોકત જગ્યા માટે નોકરી અપાવવાની લાલચમાં નાણાં ઉઘરાવવામાં આવતા હોવાની ફરીયાદ મળેલ છે. આથી, આ પ્રકારના વ્યકિત / લેભાગુ તત્વો સાથે નોકરીની લાલચમાં નાણાંકીય વ્યવહાર ન કરવા અને સાવચેત રહેવા ઉમેદવારોને અપીલ કરવામાં આવે છે. જો કોઈ ઉમેદવાર ધ્વારા નોકરી મેળવવા માટે નાણાંકીય વ્યવહાર કરવામાં આવશે તો તે અંગે મહાનગરપાલિકાની કોઈ જવાબદારી રહેશે નહી. જેની નોંધ લેવા વિનંતી.